જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨૦-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

કર્ણાટકમાં રાયચુરમાં રાહુલ ગાંધીના મોદી સરકાર પર પ્રહારો

અમેઠીમાં પરિવારના બેનરને લઈ રાહુલ ગાંધીને નોટિસ ફટકારાઈ

૨૪ કલાકમાં નોટિસનો જવાબ આપવામાં નહીં આવે તો રાહુલ ગાંધી સામે વધુ કઠોર પગલા : બેનરોમાં રાહુલના ફોટા સાથે અબ હોગા ન્યાયનો ઉલ્લેખ

અમેઠી

ચૂંટણી પંચે આજે વધુ કઠોર વલણ અપનાવીને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને નોટિસ ફટકારી હતી. પરિવારના મજબૂત ગઢ ગણાતા અમેઠીમાં મુકવામાં આવેલા બેનરોને લઈને આચારસંહિતા ભંગના સંદર્ભમાં રાહુલ ગાંધીને નોટિસ ફટકારવામાં આવી છે. અમેઠીમાં મુકાયેલા આ બેનરોમાં રાહુલ ગાંધીના ફોટાઓ છે જેમાં લખવામાં આવ્યું છે કે, અબ હોગા ન્યાય. રાહુલ ગાંધીને ૨૪ કલાકમાં જવાબ આપવા માટે ચૂંટણી પંચે સ્પષ્ટ સૂચના આપી છે. પોતાની નોટિસમાં ચૂંટણી પંચે કહ્યું છે કે, સ્થાનિક ચૂંટણી અધિકારીઓની મંજુરી અને ઈમારતના માલિકની પરવાનગી વગર આ પ્રકારના બેનરો મુકી દેવાાં આવ્યા છે. ચૂંટણી ટીમની ફ્લાઈંગ ટીમે અમેઠીમાં અનેક જગ્યાઓએ મોટા બેનરો જોયા છે.સાતથી વધારે બેનરો જોયા છે. જ્યારે અધિકારીઓને સંબંધિત પેપરો અંગે પ્રશ્ન કરવામાં આવ્યા ત્યારે યોગ્ય જવાબ મળ્યા ન હતા. કોંગ્રેસના કાર્યકરો પણ કોઈ જવાબ આપી શક્યા નથી. જો સંતોષજનક જવાબ કોંગ્રેસ વડા તરફથી મળશે નહીં તો વધુ કઠોર કાર્યવાહી કરવામાં આવશે. ન્યાય એટલે કે જસ્ટિસ કોંગ્રેસની એક ફ્લેગશીપ યોજના પૈકીની છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, જો તેમની પાર્ટી સત્તામાં આવશે તો દેશમાં સૌથી ગરીબ લોકોને મૂળભૂત લઘુત્તમ આવક ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાર્ટીના વડા રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને વોટ ફોર ન્યાયને મત આપવા અપીલ કરી છે. ગઈકાલે ૧૧ રાજ્યોના ૯૫ સીટ પર બીજા તબક્કામાં મતદાન થયું હતું. ઉત્તરપ્રદેશમાં બે તબક્કામાં મતદાન પૂર્ણ થઈ ચુક્યું છે. આવી સ્થિતિમાં હવે ૧૮૬ બેઠકો ઉપર મતદાનની પ્રક્રિયા પુરી થઈ ચુકી છે. બીજી બાજુ રાહુલ ગાંધી આજે ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં પણ મોદી વિરોધી લહેર જોવા મળી રહી છે. વેપારી વર્ગ પરેશાન છે. દિલ્હીથી મોદીને દૂર કરવા ભારતીય લોકો ઈચ્છુક છે. રાહુલે કહ્યું હતું કે, ઈન્દિરા કેન્ટીન મારફતે અમે સ્વસ્છ ભોજન ઉપલબ્ધ કરાવી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા લોન માફીના વચનો પાળવામાં આવ્યા નથી તેવા આક્ષેપ મોદી દ્વારા કરવામાં આવી રહ્યા છે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, જ્યારે અમારી સરકાર સત્તામાં આવશે ત્યારે પાંચ ટેક્સ સ્લેબના બદલામાં માત્ર એક ટેક્સ સ્લેબમાં જીએસટીને સરળ કરવામાં આવશે. મોદી સરકારની આર્થિક નીતિઓના લીધે દર કલાકે ૨૭૦૦૦ લોકો નોકરી ગુમાવી રહ્યા છે. આ દિવસોમાં મોદી રાષ્ટ્રીય સુરક્ષાની વાત કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં કરાયેલા કામની વાત કરી રહ્યા નથી. રાહુલે એમ પણ કહ્યું હતું કે, તેઓ તેમના કામોની વાત કરી રહ્યા નથી. કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે ૪૦૦૦૦ કરોડની લોન માફ કરી હોવાનો દાવો રાહુલે કર્યો હતો.

સુરેન્દ્રનગરમાં કોંગ્રેસના સ્ટાર પ્રચાર હાર્દિકના થપ્પડ કાંડથી રાજકારણ ગરમાયું

તુ ૧૪ લોકોને ભરખી ગયો કહી યુવકે હાર્દિક પટેલને મારી 'થપ્પડ'

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના બલદાણામાં જન આક્રોશ સભામાં ભાષણ કરી રહેલા કોંગેસના સ્ટાર પ્રચારક હાર્દિક પટેલને એક યુવકે સ્ટેજ પર ચઢીને તું ૧૪ લોકોને ભરખી ગયો છે તેમ કહીને લાફો ઝીંકી દેતાં ચકચાર મચી ગઈ છે. પાસના કન્વીનર અને તાજેતરમાં કોગ્રેસમાં જાડાયેલા હાર્દિક પટેલ લોકસભા ચૂંટણીમાં સ્ટાર પ્રચારક છે.



આજે સવારે સુરેન્દ્રનગરમાં આવેલ બલદાણામાં હાર્દિક જન આક્રોશ સભા સંબોધતા હતા ત્યારે સ્ટેજ પર એક યુવક દોડી આવ્યો હતો અને ભરસભામાં હાર્દિકને લાફો ઝીંકી દીધો હતો.

સ્ટેજ ઉપર હાજર કોંગ્રેસના કાર્યકરોએ યુવકને ઝડપી લીધો હતો અને માર મારવાનું શરૂ કર્યું હતું. પોલીસ યુવકને લઈ જતી હતી ત્યારે કોંગ્રેસના કાર્યકરો અને લોકોએ તેને ઢોરમાર મારીને તેનાં કપડાં પણ ફાટી નાખ્યાં હતાં. પોલીસ જ્યારે તેને હોસ્પિટલ લઈ જવા ગાડીમાં બેસાડતી હતી ત્યાં સુધી તેને માર માર્યો હતો. પોલીસની હાજરી હોવાછતાં તેને માંડમાંડ બચાવી હોસ્પિટલ ખસેડ્યો હતો. હાર્દિક પટેલને લાફો મારનાર યુવક તરુણ ગઢ્ઢર હોવાનું જાણવા મળ્યું છે. તે કડીના જેસલપુર ગામનો રહીશ છે. હુમલા બાદ હાર્દિક પટેલે વઢવાણ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યો હતો. હાર્દિકના કહેવા પ્રમાણે તેણે ફક્ત જાણવાજોગ અરજી આપી છે. આ ઘટના બાદ સુરેન્દ્રનગર એસપીએ એક પત્રકાર પરિષદ કરી હતી, તેમાં તેમને મોટો ખુલાસા કર્યા હતા. પોલીસ જયારે તરૂણ મિસ્ત્રીને આ ઘટના વિશે પુછપરછ કરી રહી હતી ત્યારે તેને પોલીસ સમક્ષ અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. પોલીસે તરૂણને હાર્દિકને લાફો મારવાનું કારણ પુછ્યું તો, તેને કહ્યું હતું કે, હાર્દિક પટેલે તેના સમાજ માટે સારા કામ કર્યા છે. હાર્દિકની જયારે ૨૦૧૫માં અમદાવાદમાં અનામત માટે મોટું આંદોલન કર્યું હતું, ત્યારે મારી પત્ની પ્રેગ્નેટ હતી. હાર્દિકના આંદોલનના કારણે મારી ગર્ભવતી પત્ની સાથે હું ઘણી વખત હેરાન થયો છું. મારી પત્નીની દવા ચાલતી હતી, એક બાજુ હાર્દિકના આંદોલનના કારણે મારી પત્નીને મિસ કેરેજ થતું થતું રહી ગયું હતું. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ તરુણ ગઢ્ઢરે હોસ્પિટલના બિછાનેથી કહ્યું કે, આ મારો પર્સનલ વિરોધ છે, મને કોઈ દ્વારા કહેવામાં આવ્યું નથી, હું તેનો વિરોધ કરતો રહીશ. ૧૪ પાટીદાર શહીદ થયા. એ પાટીદાર સમાજ માટે કલંક કહેવાય. અમે કેટલા હેરાન થયા. હાર્દિક પટેલ ગુજરાતનો હિટલર હોય તેવુ શાસન કરવા માંગે છે. પણ આમ પબ્લિકનું શું થાય. તરુણ મિસ્ત્રીએ કહ્યું કે, હાર્દિક કહે એટલું જ થાય ગુજરાતમાં. એના સમાજમાં કેવા સારા સારા લોકો છે. એ પોતાને ગુજરાતનો હિટલર સમજે છે. મને હાર્દિક પ્રત્યે કંઈ જ નથી. હાર્દિકના વિચારો બાળકોને, છોકરાઓને ગેરમાર્ગે દોરે તેવા છે. તેથી તેનો વિરોધ છે. મારા છોકરાને તકલીફ પડે એટલે આવુ કર્યું.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™

MARKET 4U કંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

Animesh Shah
+91 98792 00040
B.E.(Electronics)
Right Technology, Right Away
CHANAKYA Accounting SOFTWARE
Accounting Software in English, ગુજરાતી, हिन्दी, Etc..
A-9, Padam Arcade 2, Near handloom house , Nanpura, Surat-395001
Customer Care - 95370 00054
Email :- itclubonline@gmail.com
Web :- http://www.bhkhome.com
BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ
radhe furnishing
સોફા અને પડદાનાં કાપડ પર ૨૦% થી ૩૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- સોફાનું કાપડ - વુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોલર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન ફ્લોરીંગ - વર્ટીકલ બ્લાઈન્ડ્સ - મચ્છરજાળી
- વોલપેપર - વુડન ફ્લોરીંગ - ઝેબ્રા બ્લાઈન્ડ્સ - બેડશીટ - સોફા ક્લીનિંગ
વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ
refresh DECOR HOME BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST
દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ
• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ કરટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પ્રિન્ટ
વોલપેપર ફ્લોરીંગ સીલીંગ
સ્ટેઈર ગ્લાસ ફીલ્મ કેનવાસ
''રાજ વિકટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com
BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર
જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર
અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહીં
સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીર ખાતે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

૨૦૦૦થી વધુ યજમાનો દ્વારા દાદાનુ સમૂહયજ્ઞ પુજન-ભવ્ય લોક ડાયરો અને લાઈટ એન્ડ સાઉન્ડ શો એ આકર્ષણ જમાવ્યુ





સમગ્ર વિશ્વમાં આજે પવન પુત્ર હનુમાન જયંતી ની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી.ત્યારે બોટાદ જીલ્લામાં આવેલ વિશ્વ પ્રસિધ્ધ સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીરે શુક્રવાર ના રોજ તા-૧૯.૪

૨૦૧૯ ના ચૈત્ર સુદ પૂનમ એટલે હનુમાન જયંતી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના સાનિધ્યમાં હનુમાન જયંતીની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી.આ હનુમાન જયંતી નિમિત્તે હનુમાનજી મંદિરના પરિસરમાં સૌ પ્રથમવાર ભવ્ય લાઈટ એન્ડ સાઉન્ડ શો કરવામાં આવ્યો હતો.આ લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળવા હજારો લોકો મંદીરના પરિસરમાં ગોઠવાઈ ગયા હતા.જયારે લાઈટ એન્ડ સાઉન્ડ શો ની શરૂઆત થતા જ એક અદભૂત વાતાવરણ નો અહેસાસ હાજર લોકોને થયો હતો.સાથે હનુમાન જયંતિ ની આગલી રાત્રે તા-૧૮.૪.૨૦૧૯ ને ગુરૂવારે રાત્રે ભવ્ય લોક ડાયરો યોજાયો હતો જેમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને હાસ્યકલાકાર દિગુભા ચુડાસમા તથા સાથી કલાકારો દ્વારા મોડી રાત સુધી લોક ડાયરાની રમજટ બોલાવી હતી.જયારે હનુમાન જયંતીના દિવસે કષ્ટ ભંજનદેવ હનુમાનજીદાદાને સવારે ૫.૧૫ કલાકે મંગળા આરતી કરવામાં આવી હતી.જેમાં વહેલી સવારે ભારેભીડ જોવા મળી હતી.સવારે ૭ કલાકે શણગાર આરતી સવારે ૯:૩૦ સમૂહ યજ્ઞ પૂજન નો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં ૨૦૦૦ કરતા વધુ યજમાનો દ્વારા દાદાનુ સમૂહયજ્ઞ પૂજન કરવામાં આવ્યુ હતુ.વર્ષોથી ફક્ત પુરૂષો જ પુજનનો લાભ લેતા હતા જ્યારે આ વર્ષે મહિલાઓએ પણ પૂજનનો લાભ લીધો અને ધન્યતા અનુભવી હતી.બપોરે ૧૨ કલાકે ભવ્ય અન્નકુટ આરતી સહીત જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.હનુમાન જયંતી ના પવિત્ર દિવસે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ દાદાના દર્શનાર્થે આવતા હોય છે તેમને કોઈ અસુવિધા ન થાય માટે મંદીર દ્વારા વિશેષ સગવડ કરવામાં આવી હતી સાથે તમામ દર્શનાર્થીઓ માટે ચા-પાણી,નાસ્તો,મહાપ્રસાદ ની જબરજસ્ત વ્યવસ્થા કરવામાં આવી હતી.હનુમાન જયંતિ ઉત્સવ પ્રસંગે સાળંગપુર મંદીરના કોઠારીસ્વામી શ્રી વિવેકસાગરદાસજી ગુરૂ મહંત પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) તથા સંતમંડળ દ્વારા આ હનુમાન જયંતી મહોત્સવનું સંચાલન કરવામાં આવ્યુ હતુ.

રાણપુરમાં ગાયત્રી પરિવાર અને RSS દ્વારા ચકલીઘર-પાણીના કુંડાનુ વિતરણ કરવામાં આવ્યુ



હનુમાન જયંતી નિમિત્તે રાણપુરમાં ગાયત્રી પરિવાર તથા રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘ તથા નરેન્દ્રભાઈ દવે પરિવાર તરફથી ચકલી ઘર અને પાણીના કુંડા નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. રાણપુરની એ.ડી.શેઠ હોસ્પિટલ પાસે (ફુલછાબ દવાખાને) ગાયત્રી પરિવાર ના નરેન્દ્રભાઈ દવે,રવિભાઈ અમદાવાદીયા,જગદીશભાઈ વકીલ આ સમયે હાજર રહીને ચકલી ઘર અને પાણીના કુંડાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

લાંચ કેસમાં કોર્પોરેટર જયંતી ભંડેરી સામે કોર્ટમાં ચાર્જશીટ

કોર્ટમાં એસીબીએ ૪૦૦ પાનાનું ચાર્જશીટ રજૂ કર્યું

સુરત

સુરત મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮ના ભાજપના સસ્પેન્ડ કોર્પોરેટર જયંતી ભંડેરીના લાંચ કેસમાં એસીબી દ્વારા ૪૦૦થી વધુ પાનાની ચાર્જશીટ રજૂ કરવામાં આવી હોવાનું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ તથા વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, સિંગણપોર કોઝવે પાસે આવેલા એક ડોક્ટરના ક્લિનીકનું શટરનું ડીમોલીશન નહીં કરવા તેમજ મનપાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા હેરાનગતિ નહીં થાય તે માટે જયંતી ભંડેરીછએ ડોક્ટર પાસે રૂા. ૫૦ હજારની લાંચ માગી હતી. જે લાંચના છટકામાં આરોપી જયંતી ભંડેરી એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. એસીબીએ તેને કોર્ટમાં રજૂ કરી કરતા તેને લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો છે. અંદાજે બે મહિના લાજપોર જેલમાં રહ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે તેને રૂા. ૧૦ હજારના શરતી જામીન મંજૂર કર્યા હતા. એસીબી દ્વારા તેની સામે નિયત સમયની અંદર ચાર્જશીટ રજૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

મોરબીનાં યુવા પત્રકાર રાહુલ નગવાડીયાની લાડલી દિકરી બંસીનો આજે જન્મ દિવસ



મોરબીનાં યુવા પત્રકાર રાહુલ નગવાડીયાની લાડલી પુત્રી બંસી નો આજેજન્મ દિવસ છે પત્રકાર રાહુલ નગવાડીયા મોરબી શહેરનાં જંગ એ ગુજરાતના રીપોર્ટર તરીકે ફરજ બજાવવી રહ્યા છે ત્યારે આજે નગવાડીયા પરીવારની લાડલી બંસી આજે ૧ વર્ષ પુર્ણ કરી ૨ વર્ષમા મંગલ પ્રવેશ કર્યો છે ત્યારે તેમના જન્મ દિવસે પિતા રાહુલ નગવાડીયા, માતા, પુનમબેન, દાદા ધનજીભાઈ અને દાદી સરોજબેન સહિતનાઓ જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી તદુપરાંત પત્રકાર રાહુલ નગવાડીયાના મિત્રો સગાવ્હાલાએ લાડકી દીકરી બંસી ના જન્મ દિવસ નિમિત્તે સોશીયલ મીડિયા ફેસબુક સહિત ફોન દ્વારા અને રૂબરૂમાં મળીને બંસીના જન્મ દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી.

તરેડ ગામે આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન



નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ – મહુવા (બ્લડબેંક મહુવા) સંચાલિત કાયાકલ્પ યોગા, નેચરોપેથી, આયુર્વેદ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર મહુવા અને શ્રી શિવશક્તિ મારૂતી મંડળ - તરેડ તથા ખોડલ ગ્રુપ - તરેડ દ્વારા તરેડ ગામે આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પ તરેડ પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવેલ. આ કેમ્પમા વા ના રોગ, ચામડીના રોગ, પેટના રોગ, શ્વાસના રોગ, અને સ્ત્રી રોગ ના અલગ અલગ ૧૦૮ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં સેવા આપનાર ધુંધળવા કનુભાઈ (કુદરતી ઉપચારક), મકવાણા નરેન્દ્રભાઈ (સામાજિક કાર્યકર), સાગરભાઈ ગોહિલ, ભીલ સપનાબેન, ભટ્ટ અંકિતાબેન, રાજાણી મેહુજભાઈ, વાળા અર્જુનસિંહ એ હાજરી આપી હતી. તથા આ કેમ્પમાં તરેડ ગામના આગેવાનો - યુવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યાં. અને યોગા, નેચરોપેથી, આયુર્વેદ ઉપચારનો પ્રચાર પ્રસાર કરી અને કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પનું તમામ આયોજન જોષી પાર્થભાઈ દ્વારા કરવામાં આવેલ હતું.

હળવદમા રંગેચંગે વેલનાથ બાપુની જન્મજયંતિ ઉજવાઈ



હળવદમા આજે સમસ્ત કોળી સમાજ દ્વારા સમાજના સંત શ્રી વેલનાથ બાપૂની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. જેમાં સમાજના તમામ આગેવાનો સહિત બહોળી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. ત્યારે શોભાયાત્રાનો સમગ્ર રૂટ જય વેલનાથના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

હળવદ ખાતે આજે સમસ્ત કોળી ઠાકોર સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ કલાકે વિનોબા ભાવે ગ્રાઉન્ડથી શરૂ કરીને મેઈન બજાર, ગિરનારી ચોકથી શરણેશ્વર મહાદેવના મંદિર ખાતે વિરાટ શોભાયાત્રા વિરામ પામી હતી. અહી સર્વે શોભાયાત્રીઓ માટે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.હળવદ ખાતે આજે વેલનાથ જયંતિના પાવન અવસરે ઠાકોર સમાજના આગેવાનો દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ઠાકોર સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.આજની યોજાયેલી ભવ્ય શોભાયાત્રામાં ડીજેના તાલે યુવાનો જુમી ઉઠ્યાં હતાં અને જય વેલનાથ અને જય માંધાતાના ગગનભેદી જયકારા લગાવ્યા હતા આજની જય વેલનાથ રેલીને સફળ બનાવવા સમાજના વિજય ભાઈઠાકોર ભરતભાઈ ઠાકોર રાજુભાઈ ઠાકોર રમેશ ઠાકોર અમિત વિંધાણી, સંજયભાઈ, રમેશભાઈ વગેરે યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

જય વીર હનુમાન ... હળવદ પંથકમાં ભક્તિપૂર્વક હનુમાન જયંતિની ઉજવણી કરાઈ

હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ, બટુક ભોજન ધુન ભજન અને યજ્ઞ સહિતના કાર્યક્રમો : પવનપુત્ર પૂજન-અર્ચન માં ભાવિકો બન્યા લીન



સમગ્ર હળવદપંથકમાં પવનપુત્ર શ્રી હનુમાન જયંતિ ની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી આ પ્રસંગે હનુમાન ચાલીસા સુંદરકાંડ બટુકભોજન ધૂન-ભજન યજ્ઞ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો વિવિધ મંદિરોમાં યોજાયા હતા હનુમાનજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર પંથકમાં ભોજન ભક્તિ અને ભજનનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો સાથે સાથે વિવિધ મંદિરોમાં મહાઆરતી ઓ પણ કરવામાં આવી હતી ત્યારે હળવદના કંસારીયા હનુમાન મંદિર ખાતે મારૂતિ યજ્ઞ તેમજ ભવ્ય સંત વાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ભજન સમ્રાટ કરસનદાસ સાગઠીયા રવિન્દ્ર સોલંકી હિતેશ ગોસ્વામી ભજનની રમઝટ બોલાવી હતી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો કંસારી હનુમાન મંદિર ખાતે ઉમટીપડયા હતા, કારકમને સફળ બનાવા મહંત સંતપુરી બાપુએ ભારે જહેમત ઉઠાવી હતી હળવદના વિવિધ હનુમાનજી મંદીરો માં ઉત્સાહ પુર્વેક હનુમાન જયંતી મહોત્સવ ની ધામધુમ પુર્વેક ઊજવણી કરવામાં આવી રાતકડી હનુમાન મકારીહનુમાન ,લીબડીયા હનુમાન ચકલીયા હનુમાન લંગ્રેજીમહારાજ હનુમાન , પીપરીયા હનુમાન ઈન્ગોરાડા હનુમાન, મસાણીયા હનુમાન, સુખદાય હનુમાન, ખીજડીયા હનુમાન, વગેરે હનુમાનજી મંદિરમાં ધામધૂમપૂર્વક હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો સવારથી ઉમટી પડયા હતા.

રાણપુર પંથકમાં પોલીસ દ્વારા ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ



બોટાદ જીલ્લાના રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકસભા ચુંટણી અનુસંધાને ફુટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યુ હતુ.જેમાં રાણપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ-એમ.જે. સાગઠીયા તથા પોલિસ સ્ટાફ તેમજ સી.આઈ.એસ.એફ.ની ટીમ દ્વારા રાણપુર ગામની મુખ્ય બજારોમાં ફરી ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ.

રાણપુર તાલુકામાં ચુંટણી પ્રકિયા શાંતિપુર્ણ રીતે યોજાઈ તે માટે ફુટ પેટ્રોલિંગ યોજાયુ

આગામી દિવસોમાં લોકસભા-૨૦૧૯ની ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી પ્રકિંયા બોટાદ જીલ્લા સહીત રાણપુર તાલુકામાં સંપુર્ણ સુલેહ શાંતિપુર્ણ રીતે યોજાય તે હેતુથી રાણપુર પી.એસ.આઈ-એમ.જે. સાગઠીયા અને સ્ટાફ તેમજ સી.આઈ.એસ.એફ. ટીમ દ્વારા રાણપુર સહીત રાણપુર તાલુકાના ખસ, બગડ, જાળીલા, મોટીવાવડી, નાનીવાવડી, ઉમરાળા સહીતના ગામોની મુખ્ય બજારોમાં ફરી ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ.

ભાજપના કચ્છ મોરબી લોકસભા ઉમેદવારનો ભુજ તાલુકામાં પ્રવાસ

પ્રતિનિધિ કચ્છ દ્વારા: મારા માટે શું? ને બદલે મારા થકી શું ? ની નવી દ્રષ્ટિ નવી સોચ નવ સર્જન અને નુતન માનવવાદ માટેદાન નહીપણ દાનતને મુદ્દા લેખ બનાવનાર નરેન્દ્રભાઈ મોદીને ફરી વડાપ્રધાન પદે આરૂઢ કરવા ભાજપ (એન.ડી.એ.) ની ફરી વાર નિર્ણાયક સરકાર બનાવવા આપ સૌ સાથે મળી ભાજપ નિશાન કમળને મત આપો એવી અપીલ સાથે બન્ની વિસ્તારના ભીરંડિયારા-ખાવડા, ભગાડીયા વિસ્તાર મધ્યે લોક સંપર્ક અને જાહેર સભામાં, જાહેર કાર્યક્રમમાં ભાજપના લોક સભાના ઉમેદવાર વિનોદભાઇ ચાવડાએ જણાવ્યુ હતું.

છેલ્લા ૭૦વર્ષ થી દર ચુટણીએ ઠાલા વચનો આપી જીત મેળવતી કોંગ્રેસે ભ્રષ્ટાચાર સિવાય કઈ નથી કર્યું જે વાસ્તવિકતા થી દૂર હોય જેની અમલવારી અને નિયમો એટલા જટીલ હોય જે સામાન્ય ગરીબ માટે અશક્ય છે. તેવા હથેડીમાં ચાંદ બતાવવા જેવા વચનો થી હવે લોકો છેતરાશે નહી ૨૦૧૪ માં જેથી લોકોએ કોંગ્રેસને ૪૪ સીટો જ આપી અને ભાજપ ને બહુમતી આપી તેના સાથી પક્ષો સાથે જંગી વિજયી અપાવ્યો, પાંચ વર્ષના મોદીજીના નેતૃત્વ ભારતનો વિકાસ, પારદર્શી વહીવટ લોકો સમક્ષ છે. અને મને વિશ્વાસ છે કે આ સમયે પણ દેશની જનતા ફરી ભાજપને સ્પષ્ટ બહુમત આપશે તેમ વિનોદભાઇ ચાવડાએ જણાવ્યુ હતું.

રાજયમંત્રી વાસણભાઈ આહિરે સરકારને સિધ્ધિઓ વર્ણવતા પ્રજાજોગ સંદેશો આપતા જણાવ્યુ હતું કે, દેશમાં છેલ્લા ૨૫ વર્ષ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં સ્થિર સરકાર આપી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી વિદેશી મૂડી રોકાણને આકર્ષવામાં ભારત ચીનથી આગળ નિકળ્યું, સ્વચ્છ ભારત મિશન પ્રધાનમંત્રી આવાસ યોજના, મુંદ્રા લોન જેવી યોજનાઓ થી કરોડો ગરીબો ને સ્વમાન આપ્યું. આયુષ્યમાન ભારત યોજના ૫૦ કરોડ લોકોને પાંચ લાખ સુધીની મેડિકલ સહાય તેટલુ જ નહી ગંભીર દર્દના ઓપરેશનો માટેના ઈમ્પ્લામેન્ટો સસ્તા દરે પંડિત દિન દયાળ જન ઔષધિ ભંડારમાં સાવ સસ્તા દરે દવાઓ ઉપલબ્ધ કરાવી ૧૦૦% ગામડાઓ માં વીજળીકરણ અનેક યોજનાઓ થકી છેવાડાના નાનામાં નાના લોકોને લાભો મળ્યા છે. આપના યુવા અને જાગૃત વિનોદભાઈ ચાવડાને ભાજપે ફરીથી આપની સેવાની તક આપી છે. તેને જંગી મતોથી વિજયી બનાવવા મારો અનુરોધ છે. તેમ વાસણભાઈ આહિરે જણાવ્યુ હતું.

યોગી પર ચૂંટણી પંચનો પ્રતિબંધ હટ્યો,વિરોધીઓ પર વરસ્યા

વંદેમાતરમ નહી બોલનારને મત માંગવાનો અધિકાર નથીઃ યોગી આદિત્યનાથ



મારી રગે રગમાં રામ અને નસ નસમાં શિવ છે,મારી ધાર્મિક ઓળખ હિન્દુ છે

લખનૌ

ચૂંટણી પંચે યુપીના સીએમ યોગી આદિત્યાનાથ પર ૭૨ કલાક સુધી ચૂંટણી પ્રચાર કરવાની રોક લગાવી હતી. આ પ્રતિબંધ હટ્યા બાદ યોગીએ આજથી ફરી ચૂંટણી પ્રચારના ભાગરુપે સભા સંબોધવાનુ શરુ કરી દીધુ છે.તેમણે એક સભાને સંબોધતા કહ્યુ હતુ કે, અત્યાર સુધી યુપીમાં ૧૬ બેઠકો પર મતદાન થયુ છે.તમામ બેઠક ભાજપ જીતી રહી છે.હવે ત્રીજા તબક્કામાં પણ ભગવો ઝંડો ઝુકે નહી તેનુ મતદારો ધ્યાન રાખે.ભારતે મોદીજીની આગેવાની હેઠળ પાકિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરીને આતંકવાદીઓનો ખાત્મો કર્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, આજે યુપીમાં બહેન દીકરીઓ સાથે અત્યાચાર કરનાર જેલમાં જાય છે અથવા તો તેનુ રામ નામ સત્ય થઈ જાય છે.ગઈ સરકાર માત્ર કબ્રસ્તાન માટે પૈસા આપતી હતી.અમે તમામને પૈસા આપી રહ્યા છે.જો કોઈને વંદે માતરમ ગાવામાં સંકોચ થતો હોય તો તેને વોટ માંગવાનો અધિકાર નથી.પોતાની જાતને બાબરની ઓલાદ કહેનાર ગઠબંધનનો ઉમેદવાર બનીને મતદારોની સામે આવે છે.

આજે સવારે ૬ વાગ્યે પ્રતિબંધની મુદત પુરી થયા બાદ યોગી આદિત્યનાથે હનુમાન જયંતિ નિમિત્તે લખનૌના હનુમાન મંદિરમાં પૂજા કરી હતી.એ પછી ચૂંટણી પ્રચાર માટે રવાના થયા હતા.તેમણે કહ્યુ હતુ કે, હનુમાનજીમાં મારી અતૂટ આસ્થા છે. મારી આસ્થા વચ્ચે કોઈ આવી શકે તેમ નથી.

અન્ય એક ટ્વિટમાં તેમણે કહ્યુ હતુ કે, મારી રગે રગમાં રામ છે ને નસે નસમાં શિવ છે.મારી ધાર્મિક ઓળખ હિન્દુ છે.એ હિન્દુ જે ભારતરમાં રહેનાર તમામ ધર્મોનુ સન્માન કરતો આવ્યો છે.

બાર ગર્લ્સ સાથે દારૂની પાર્ટી માણતા ૯ બિલ્ડરો ઝડપાયા

સુરત

ગુજરાતમાં કડક દારૂબંધી ચાલી રહી છે, જેથી શરાબ અને શબાબની મઝા માણવા માટે અવાર નવાર યુવકો ગુજરાત બહાર જતા હોય છે. આવી એક ઘટના હાલ સામે આવી છે. સુરતના ૯ બિલ્ડરો અને જમીન દલાલો મહારાષ્ટ્રમાં ૮ બાર ગર્લ્સ સાથે ઝડપાયા છે.

સુરતના ૯ બિલ્ડરોની મહારાષ્ટ્રમાં રેવ પાર્ટી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના સામે આવ્યા બાદ બિલ્ડરલોબીમાં ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસે તમામની ધરપકડ કરી સુરતના તમામ ૨૨ લોકોની જામીન પર મુક્ત કર્યા છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, સુરતના નવ જેટલા બિલ્ડરો મહારાષ્ટ્રમાં આઠ જેટલી બાર ગર્લ્સ સાથે ઝડપાયા છે. પાલઘરના અચ્છાડ ખાતે આવેલા ગ્રીનપાર્ક ક્લબ રિસોર્ટમાં તલાસરી પોલીસે કાર્યવાહી દરમિયાન તમામ લોકોની ધરપકડ કરી હતી.

સુરતના ૯ બિલ્ડરો મહારાષ્ટ્રમાં ૮ બાર ગર્લ્સ સાથે દારૂની પાર્ટી અને બાર ગર્લ્સ પર રૂપિયા ઉડાવવામાં આવતા હતા. પોલીસને આ ઘટનાની જાણકારીની બાતમી મળી હતી. પોલીસે બાતમીના આધારે હોટલ ખાતે પહોંચીને રેવ પાર્ટી ચાલી રહી હતી, ત્યાં રેડ કરી હતી. ત્યાંથી પોલીસને સુરતના ૯ બિલ્ડરો સહિત કુલ ૨૨ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.



ખ્રિસ્તી સમુદાય દ્વારા ગુડ ફ્રાયડેની ઉજવણી કરવામાં આવી હતી. નાનપુરા ખાતે આવેલા ચર્ચમાં ગુડફ્રાયડે નિમિત્તે વિશેષ પ્રાર્થનામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો તસવીરમાં જોવા મળે છે.

સોના-ચાંદીમાં પણ વડાપ્રધાન ચમક્યા, ૫ હજાર મોદી વીંટી બની



રાજકોટ

અત્યાર સુધી પિચકારી, પતંગ અને સાડીમાં તો મોદી છવાયેલા જ હતા ત્યારે આ વખતે સોના?ચાંદીની જવેલરીમાં પણ મોદી મેજીક જોવા મળ્યો છે. રાજકોટમાં નરેન્દ્ર મોદીના ફોટાવાળી અને બીજેપીના લોગાવાળી ૫ હજાર જેટલી સોના?ચાંદીની વીંટી રાજકોટમાં બની છે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી, મુંબઈ, સેન્ટ્રલ ઈન્ડિયા સહિત ભારતભરમાં આ પ્રકારની વીંટીની ડિમાન્ડ જોવા મળી છે. ચાંદીમાં ૪થી ૬ ગ્રામ અને સોનામાં ૨થી ૬ ગ્રામ સુધીની વીંટી તૈયાર થઈ છે. રાજકોટની તન્વી ગોલ્ડ કાસ્ટ નામની પેઢીને આ ખાસ ઓર્ડર દેવામાં આવ્યો છે. પહેલા કુલ ૬ પ્રકારની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. જેમાંથી લોકોએ ૩ પ્રકારની ડિઝાઈન પર પોતાની પસંદગી ઉતારી હતી. સોનાની વીંટીની કિંમત ૧૬ હજારથી લઈને ૨૫ હજાર સુધીની છે, જ્યારે ચાંદીની વીંટીની કિંમત ૧ હજારથી લઈને ૧૫૦૦ રૂપિયા સુધીની છે. રાજકોટમાં ક્રિકેટની ટ્રોફી પણ તૈયાર થઈ છે અને બોલિવૂડ કલાકારો ખાસ ઓર્ડર દઈને પોતાની જવેલરી અહીં બનાવડાવે છે.

સરકાર મદદ નહિ કરે તો ડિફોલ્ટ થઈ જશે,રોજની ૬ કરોડની નુકસાની

જેટ એરવેઝ બાદ એર ઈન્ડિયા પર તોળાતુ સંકટઃ ૯ હજાર કરોડનું દેવુ



ન્યુ દિલ્હી

જેટ એરવેઝ બાદ હવે સરકારી એરલાઈન કંપની એર ઈન્ડિયાને પણ તાળા લાગે તેવા શંકાના વાદળો છવાયા છે. કંપની ઉપર હાલમાં ૯૦૦૦ કરોડ રૂપિયાનું દેવુ છે. જો આ આર્થિક કટોકટીની સ્થિતિમાં સરકાર દ્વારા મદદ નહીં કરાય તો કંપનીને જલ્દી તાળા લાગી શકે છે. જો કે આ માટેનો નિર્ણય હવે માત્ર જૂનમાં જ લેવાશે. જ્યારે નવી કેન્દ્ર સરકાર શપથગ્રહણ કરશે.

જો એર ઈન્ડિયાને સરકાર તરફથી કોઈ મદદ નહીં મળી તો તેની પણ જેટ એરવેઝ જેવી હાલત થઈ શકે છે. એર ઈન્ડિયા અને નાગર વિમાન મંત્રાલયે નાણાં મંત્રાલયને આ અંગેની સૂચના આપી છે. એર ઈન્ડિયાને આ વર્ષે પણ બેંક પાસેથી આર્થિક જરૂરિયાત છે પરંતુ તેની પાસે પર્યાપ્ત નાણાં ના હોવાથી તેની ફરી ચૂકવણી કરવી અશક્ય છે. આ સ્થિતિમાં લોનના હપ્તા પણ ડિફોલ્ટ થઈ શકે છે.

એર ઈન્ડિયા હાલમાં રોજ ૬ કરોડની ખોટ સહન કરી રહી છે. તેનું કારણ પુલવામાં હુમલા બાદ પાકિસ્તાનને તેનો હવાઈ માર્ગ બંધ કર્યો હતો. તેમાં યુરોપ અને અમેરિકાની ફ્લાઈટ્સને લાંબા અંતરની ઉડાન ભરવી પડતી હતી.

જો કે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે સરકાર પહેલેથી જ ૨૯ હજાર કરોડ રૂપિયાનું દેવુ તેમના પર લઈ ચૂકી છે. તે સિવાય તેમાં ૨૭૦૦ કરોડ રૂપિયાનું વ્યાજ પણ સામેલ છે. હવે સરકાર કોઈ પણ રીતે આર્થિક મદદ નહીં કરે. જો ભાજપની સરકાર બનશે તો તે ૧૦૦ ટકા હિસ્સો વેચી શકે છે.

ચૂંટણી પ્રચાર કરવા ગયેલ રેશ્મા પટેલ પર હુમલો, ભાજપ પર આરોપ મુકાયો



જુનાગઢ

જૂનાગઢ લોકસભા અને માણાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગુરુવારે રેશ્મા પટેલ તેમનાં સર્મથકો સાથે માણાવદર બેઠકનાં વંથલીનાં વોર્ડ નં. ૧માં ચૂંટણી પ્રચાર માટે નીકળ્યા હતા. ત્યારે વોર્ડ નં. ૧ના ભાજપનાં કાર્યકર દિપક વડાલીયાએ રેશ્મા સાથે ઉગ્ર બોલાચાલી કરી બાદમાં તેની ઉપર હુમલો કર્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. આ હુમલામાં રેશ્મા પટેલને ઈજા થતા તેઓ વંથલી ખાતેના સરકારી દવાખાનામાં દાખલ થયા છે.

પોતાના ઉપર હુમલો થયાની ઘટના અંગે એનસીપી નેતા રેશ્મા પટેલે જણાવ્યું હતું કે, હું પ્રચાર માટે ગઈ હતી ત્યારે ભાજપા કાર્યકર્તાઓએ કહ્યું કે આ ભાજપનો ગઢ છે અને જવાહર ચાવડાનો ગઢ છે અહીં પ્રચાર કરવાનો નહીં અને હું ત્યાંથી શાંતિથી નીકળતી હતી.

ત્યારે એક કાર્યકર ઉભો થઈને મારા ગળા ઉપર ફેંટ મારી અને મારી છાતી ઉપર હાથ મારીને મારી સાથે ઝપાઝપી કરી હતી. અને ગાળાગાળી કરવા માંડ્યો. અમે જવાહર ચાવડાના માણસો છીએ. બસો જણાનું ટોળું તારા ઉપર ચડાવી દઈશું. ભાજપના કાર્યકરો જવાહર ચાવડાના નામે ગુંડાગર્દી કરવા ઉપર ઉતરી ગયા છે.

બીજી તરફ ભાજપના કાર્યકર્તા અને વંથલી શહેર ભાજપ મહામંત્રી દિપક વડાલીયાએ જણાવ્યું હતું કે, હનુમાનના મંદિરે હતા હનુમાન જયંતિ હોવાથી સાફસફાઇ કરતા હતા. ત્યારે રેશ્મા પટેલ સાથે ૧૦થી ૧૨ મળતીયા આવ્યા અને મારો કાંઠલો પકડીને કહ્યું કે તું મહામંત્રી થઇ ગયો છે અને બહુ ભાજપનું કામ કરે છે. આજે તને ઉપાડી જવા માટે આવ્યા છીએ. એમ કહીં મારવા લાગ્યા હતા.

ઈમરજન્સીની કોઈ પણ પરિસ્થિતિ માટે '૧૧૨' હેલ્પલાઈન નંબર લાગુ

ન્યુ દિલ્હી

ભારતમાં હવેથી ઈમરજન્સીની કોઈ પણ પરિસ્થિતિમાં આ એક નંબર પર ફોન કરીને તમે મદદ માંગી શકશો. હવેથી તમે પોલીસ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ વગેરેની મદદ માટે '૧૧૨' નંબર પરથી મદદ માંગી શકશો. અમેરિકામાં ઈમરજન્સીની કોઈ પણ પરિસ્થિતિમાં સરકારી મદદ લેવા માટે પણ એક જ નબંર '૯૧૧'નો ઉપયોગ કરવામાં આવે છે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશ ભરના ૨૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને અત્યાર સુધીમાં આ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર સાથે સાંકળી લેવામાં આવ્યા છે. સંકટના સમયમાં આ નંબર પર ફોન કરીને તમે તાત્કાલિક ધોરણે મદદ માંગી શકશો. અધિકારીઓએ જણાવ્યું કે, હેલ્પલાઈન નંબર '૧૧૨'એ પોલીસ (૧૦૦), ફાયરબ્રિગેડ (૧૦૧) મહિલા હેલ્પલાઈન નંબર (૧૦૯૦)નો સમન્વય છે અને આ યોજના કેન્દ્ર સરકારે 'નિર્ભયા ફંડ' અંતર્ગત અમલમાં મૂકી છે.

ગૃહ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, જે ૨૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ હેલ્પલાઈન નંબર લાગુ કરવામાં આવ્યો છે તેમાં ગુજરાત, હિમાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, કેરળ, મધ્યપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, નાગાલેન્ડ, પોંડિચેરી, તામિલનાડુ, તેલંગાણા, રાજસ્થાન, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ, દાદરા નગર હવેલી, દમણ અને દીવનો સમાવેશ થાય છે.

હાર્દિકને લાફો મારનાર તરૂણ ગજજરનો ખુલાસો

હાર્દિકના આંદોલનના કારણે હું, પત્ની ખુબ જ હેરાન થયા

અમદાવાદ

આજે કોંગ્રેસના હાર્દિક પટેલને લઈને ગુજરાતની રાજનીતિમાં રાજકારણ જોરદાર રીતે ગરમાયું હતું. આજે હાર્દિકને જાહેરમાં લાફો પડ્યો હતો. હાર્દિકને તરૂણ ગજજર નામના વ્યક્તિએ સ્ટેજ પર ચઢીને લાફો માર્યો હતો. ત્યારબાદ લાફો મારનાર તરૂણ ગજજરને ઢોર માર મારવામાં આવ્યો હતો, અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાર્દિક પટેલને લાફો મારનાર વ્યક્તિ તરૂણ ગજજર તો બીજા સમાજનો હતો, તો પછી તેને હાર્દિકને લાફો કેમ માર્યો તે સવાલને લઈ અનેક તર્ક વિતર્ક અને અટકળો ચાલ્યા હતા. જો કે, હોસ્પિટલમાં જ્યારે પોલીસે તરૂણ ગજજર સાથે વાતચીત કરી ત્યારે તેને મોટા ખુલાસા કર્યા હતા અને જણાવ્યું હતું કે, હાર્દિકના આંદોલન વખતે તેની પત્ની અને ત્યારબાદ તેના બાબાની તબિયતને લઈ તે બહુ હેરાન થયો હતો અને બહુ તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કર્યો હતો, તેનો ભારોભાર આક્રોશ હતો, તેથી વ્યક્તિગતગત રીતે તેણે આ પગલું ભર્યું હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. હાર્દિકને થપ્પડ મરાયાની સમગ્ર ઘટના બાદ સુરેન્દ્રનગર એસપીએ એક પત્રકાર પરિષદ કરી આ મામલે ખુલાસા કર્યા હતા. પોલીસ જ્યારે તરૂણ ગજજરને આ ઘટના વિશે પુછપરછ કરી રહી હતી ત્યારે તેણે પોલીસ સમક્ષ અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. પોલીસે તરૂણને હાર્દિકને લાફો મારવાનું કારણ પુછ્યું તો, તેણે કહ્યું હતું કે, હાર્દિક પટેલે તેના સમાજ માટે સારા કામ કર્યા છે. હાર્દિકની જ્યારે ૨૦૧૫માં અમદાવાદમાં અનામત માટે મોટું આંદોલન કર્યું હતું, ત્યારે મારી પત્ની પ્રેગ્નેટ હતી. હાર્દિકના આંદોલનના કારણે મારી ગર્ભવતી પત્ની સાથે હું ઘણી વખત હેરાન થયો છું. મારી પત્નીની દવા ચાલતી હતી, એક બાજુ હાર્દિકના આંદોલનના કારણે મારી પત્નીને મિસ કેરેજ થતું થતું રહી ગયું હતું. આટલું જ નહી, મારી પત્નીએ બાળકને જન્મ આપી દીધા બાદ મારો બાબો બિમાર હતો. તેને દવાખાના લઈ જવાનો હતો. પરંતુ હાર્દિકના અવાર નવારના આંદોલનના કારણે અમે ખુબ હેરાન થતા હતા. હાર્દિકના આંદોલનના કારણે અનેક વખત સામાન્ય લોકોને તકલીફ પડી છે, તેણે અનેક વખત ગુજરાત બંધના એલાનના પગલે લોકોને મુશ્કેલીમાં મૂકયા હતા. હાર્દિકે તેના સમાજના ૧૪ છોકરાઓને આંદોલનમાં સાથે રાખી તેમને શહીદ કરાવ્યા, ત્યારબાદ તેને ૧૪ છોકરાઓ પર રાજનીતિ રમી હતી.

ચૂંટણી ખર્ચનો હિસાબ ન આપતા ૩ ઉમેદવારોને નોટિસ ફટકારાઈ

અમદાવાદ

લોકસભાની ચૂંટણી માટે અલગ-અલગ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ચૂંટણી ખર્ચને લઈને ચૂંટણી અધિકારીઓ સતત નજર રાખતા હોય છે. અને આવા ઉમેદવારોને નક્કી કરવામાં આવેલા ખર્ચની મર્યાદામાં જ ચૂંટણી માટે ખર્ચ કરવાનો હોય છે. ઉમેદવારે ફોર્મ ભર્યા પછી ઉમેદવાર કેટલો ખર્ચ કરે છે. તેની નોંધ ઉમેદવારનો ચૂંટણી એજન્ટ રાખતો હોય છે.

સાથે જ ચૂંટણી અધિકારીઓ પણ તેની વિગતો રાખતા હોય છે. અમદાવાદ જિલ્લાની બે બેઠકોના ઉમેદવારો દ્વારા અત્યાર સુધીનો સૌથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. અમદાવાદ પશ્ચિમ બેઠકના ઉમેદવારો દ્વારા ચૂંટણી અધિકારીને આપવામાં આવેલી ખર્ચની વિગતો ખર્ચ અધિકારીની વિગતો સાથે મેચ ન થતા અમદાવાદ પશ્ચિમ બેઠકના ૩ ઉમેદવારોને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા નોટિસ આપવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારોને નોટિસ આપ્યા બાદ નિયત સમયમાં ખર્ચના પુરાવા રજૂ કરવાના હોય છે. જોકે નિયત સમયમાં ઉમેદવાર દ્વારા ખર્ચની વિગતો ના આપવામાં આવે તો જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી પ્રક્રિયાને રદ કરવામાં આવતી હોય છે.

લાલુની પાર્ટીના ઉમેદવારોના ફોર્મ રદ કરવા જેડીયુની માગણી

બિહારમાં આરજેડીના ઉમેદવારોને અપાયેલી ટિકિટ પર લાલુ પ્રસાદના હસ્તાક્ષરથી વિવાદ

ન્યુ દિલ્હી

બિહારમાં શાસક જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) શુક્રવારે ચૂંટણી પંચને લાલુ પ્રસાદની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના તમામ ઉમેદવારોના ફોર્મ રદ કરવા લેખિતમાં માગણી કરી હતી. જેડીયુના મતે લાલુ પ્રસાદ યાદવ ચારા કૌભાંડમાં દોષિત હોવાથી જેલમાં સજા કાપી રહ્યા છે. તેમ છતા આરજેડી ઉમેદવારોને ફાળવેલી ટિકિટ પર લાલુ પ્રસાદ યાદવની સહી છે. લાલુ પ્રસાદે આ માટે કોર્ટની પૂર્વ મંજૂરી નહીં લીધી હોવાનો દાવો કરતા જેડીયુએ આરજેડી ઉમેદવારોના ફોર્મ રદ કરવા માગણી કરી હતી. જેડીયુના વિધાન પરિષદના સભ્ય અને પ્રવક્તા નીરજ કુમારે બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીને એક પત્ર લખ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'ચારા કૌભાંડના અનેક કેસમાં દોષિત અને જેલની સજા થઈ છે તેવા લાલુ યાદવ હાલમાં રાંચીની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. લોકસભા ચૂંટણીમાં બિહારના આરજેડી ઉમેદવારોને ફાળવવામાં આવેલી ટિકિટ પર લાલુ યાદવની શહી છે શું તેમણે આ માટે કોર્ટની મંજૂરી મેળવી હતી. જો મંજૂરી ના લેવાઈ હોય તો આરજેડીના ઉમેદવારોના ફોર્મ રદ થવા જોઈએ.' બિહારમાં આરજેડી મગાગઠબંધન અંતર્ગત ૧૯ બેઠકો પરથી લડશે જ્યારે અન્ય સહયોગી પક્ષો માટે ૨૦ બેઠકો ફાળવી છે. એક બેઠક પરથી સીપીઆઈ (એમએમલ)ના ઉમેદવાર મેદાનમાં ઉતરશે. જેડીયુ નેતાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે લાલુ યાદવે જલ મેન્યુઅલનું ઉલ્લંઘન કર્યું છે.

તંત્રી સ્થાનેથી...

શિક્ષણ પર ધ્યાન જરૂરી

શિક્ષણના સ્તરને સુધારી દેવા માટેના તમામ પ્રયાસો વર્ષોથી કરવામાં આવી રહ્યા હોવા છતાં શિક્ષણની વ્યવસ્થાને લઈને પ્રશ્નો થતા રહે છે. શિક્ષણના સ્તરને સુધારવા માટે મજબુત રાજકીય ઈચ્છાશક્તિ સાથે કામ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ તેમજ કોલેજ સ્તર પર શિક્ષણના સ્તરને સુધારવા માટે યોગ્ય અને કુશળ શિક્ષકોની સાથે સાથે તેમની સુવિધા અને સાધનો પણ જરૂરી છે. મોટા પાયે કુશળ શિક્ષકોની ભરતી પણ જરૂરી છે. શિક્ષણ પર ખર્ચના આંકડાને અનેક ગણો વધારી દેવાની જરૂર છે.થોડાક સમાહ પહેલા જ નેશનલ ઈન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ) તરફથી ભારતીય કોલેજ અને યુનિવર્સિટીના રેન્કિંગ જારી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮ના રેન્કિંગમાં છેલ્લા વર્ષોની તુલનામાં કેટલાક સુધારા જોવામાં આવ્યા છે. જેમ કે લો અને આર્કિટેકચર જેવી જુદી જુદી સંસ્થાઓ માટે શ્રેણી વધારી દેવામાં આવી છે. પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી. રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે. આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ સુધી પહોંચી ગઈ છે. દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે દરેક પરિસ્થિતીમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના રેન્કિંગમાં સામેલ થવાની બાબત જરૂરી છે. જે સરકારી સંસ્થાઓ આમાં સામેલ થશે નહીં તેમને મળનાર ફંડમાં કાપ મુકવામાં આવશે. માનવામાં આવે છે કે તમામ સરકારી સંસ્થાઓ આ રેન્કિંગમાં સ્વય સામેલ થશે. વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭ બાદ ત્રીજી વખત રેન્કિંગ જારી કરવામાં આવી છે. તેમા દેશની આઠ જુદી જુદી સંસ્થાઓસામેલ ચે. જુદા જુદા પ્રકારની શિક્ષણ સંસ્થાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. જેમના રેન્કિંગ ખાસ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે તેમાં યુનિવર્સિટી, એન્જિનિયરિગ, મેડિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, આર્કિટેકચર, લો અને અન્ય કોલેજ સામેલ છે. એક નવમી શ્રેણી પણ છે. જેમાં તમામ સંસ્થાઓના રેન્કિંગએક સાથે કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮માં છ ભારતીય આઈઆઈટી સંસ્થાન સમગ્ર શ્રેણીમાં ટોપના ૧૦ સ્થાન પર હતી. મદ્રાસ બીજા, મુંબઈ ત્રીજા, દિલ્હી ચોથા, ખડગપુર પાંચમાં, કાનપુર સાતમા, અને ૨૨કી આઠમા સ્થાને છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ પહેલા તો જવાહર લાલ નહેરુ યુનિવર્સિટી રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને રહી છે. વારાણસી હિન્દુ યુનિવર્સિટી નવમા સ્થાને છે. જ્યારે અણ્ણા યુનિવર્સિટી દસમાં સ્થાને છે. ગોવા આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી નક્કર પણે માને છે કે ભારતમાં મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની રહેલી છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ આ શિક્ષણ સંસ્થાઓમાં જ અભ્યાસ કરી રહ્યા છે. ૬૫ ટકાથી વધારે વિદ્યાર્થીઓ આ જ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે મજબુર છે. ૬૭ ટકાથી વધારે વિદ્યાર્થીઓ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે. જો મોટા ભાગે ખુબ મોંઘી શિક્ષણ સંસ્થાઓ હોય છે. બાકીના તમામ વિદ્યાર્થીઓ તો સરકારી સંસ્થાઓમાં જ અભ્યાસ કરે છે. જ્યાં કુલ સંશાધનો અને બૌદ્ધિક ક્ષમતાનો અભાવ રહે છે.

ભારતમાં શિક્ષણના સ્તરને સુધારવા માટે દરેક પાસા પર ગંભીરતાથી ધ્યાન જરૂરી

ભાજપનુ મજબુત પ્રભુત્વ છે

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનુ વર્ષોથી પ્રભુત્વ રહ્યુ છે. હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં વર્ષો સુધી શાસન કરીને ગયા છે. મોદીના ગુજરાતમાં એકચક્રી શાસન પહેલા પણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનુ પ્રભુત્વ હતુ. કેશુભાઈ પટેલ અને તે પહેલા પણ ભારતીય જનતા પાર્ટીએ જીત મેળવી હતી. દેશમાં ભારતીય જનતા પાર્ટીના સૌથી મોટા ગઢ તરીકે ગુજરાત છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ સીટો છે. જ્યારે વિધાનસભાની ૧૮૨ સીટો છે. લોકસભા સીટ હેઠળ આવતી વિધાસભા બેઠકોમાં પણ ભારતીય જનતા પાર્ટી મજબુત સ્થિતીમાં છે. બુથ સ્તર પર પાર્ટી ખુબ મજબુત રહેલી છે. તેની મજબુત પક્કડના કારણે તેના પર લોકોની નજર છે. સાથે સાથે અહીંના મતદારોમાં ભારતીય જનતા પાર્ટીનો વિશ્વાસ પણ રહેલો છે. છેલ્લી ચૂંટણીમાં ૨૦૧૪માં મોદી લહેર હેઠળ ભારતીય જનતા પાર્ટીએ તમામ ૨૬ સીટો જીતી લીધી હતી. જો કે ત્યારબાદ યોજાયેલી વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે સારો દેખાવ કર્યા બાદ તેમની સામે પડકારો વધી ગયા છ. ગુજરાતમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને અન્યોએ પૂર્ણ તાકાત લગાવી દીધી છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને નેતાઓ ભારતીય જનતા પાર્ટીને ૨૬ પૈકી ૨૬ સીટો અપાવી શકે છે કે કેમ તેને લઈને ચર્ચા ચાલી રહી છે. રાજકીય પંડિતો માને છે કે કેટલીક સીટોનુ નુકસાન થઈ શકે છે.

વર્ષ ૨૦૧૪ જેવો દેખાવ કરવાને લઈને લઈને ભાજપ સામે પડકાર

ગુજરાત : ભાજપ તમામ સીટો જીતશે



૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ શાનદાર દેખાવ કર્યા બાદ પડકારો વધ્યા : ગુજરાતમાં ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર

તાજેતરમાં જારી કરવામાં આવેલા ગુજરાત સર્વે રિપોર્ટના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. સર્વે રિપોર્ટ મુજ સુશાસન સાથે જોડાયેલા ત્રણ મુદ્દા મતદારોની મુખ્ય પ્રાથમિકતા બનેલા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ગુજરાત સરકારનો દેખાવ સરેરાશ કરતા ઓછો રહ્યો છે. રોજગારની સારી તક અને પીવાના પાણીને લઈને બાબત અને વધુ સારી આરોગ્ય સુવિધા જેવા મુદ્દા સામેલ છે. મોટા ભાગના લોકો આ તમામ બાબતોને પ્રાથમિકતા આપે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મતદારોએ ગુજરાત સરકારને પાંચના સ્કેલ પર રોજગારની વધારે સારી તકના મામલે ૨.૩૩, પીવાના પાણીને લઈને ૨.૬૦, વધારે સારી આરોગ્યની સુવિધાને લઈનવે ૨.૬૨ રેટિંગ આપ્યા બાદ આની ચર્ચા જોવા મળી રહી છે. જે સરેરાશ કરતા રેટિંગ કમ દર્શાવે છે. રિપોર્ટ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ અને આરએ એસ્ટેરિસ્ક કોમ્પ્યુટિંગ એન્ડ ડેટા સોલ્યુશન્સ દ્વારા જારી કરવામાં આવ્યા છે. આમાં રાજયની તમામ ૨૬ લોકસભા સીટ પરથી આશરે ૧૩૦૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. અંતિમ મુલ્યાંકનમાં મતદારોની નજરમાં ૧૦ સૌથી મહત્વપૂર્ણ મુદ્દાને અને તેમના પર સરકારના દેખાવને ધ્યાનમાં લઈને રિપોર્ટ જારી કરવામાં આવ્યા પછી તેની ચર્ચા છે. આ સર્વેની કામગીરી ગયા વર્ષે ઓક્ટોબર અને ડિસેમ્બર વચ્ચેના ગાળામાં કરવામાં આવ્યા બાદ તેમાં હવે લોકોને કેટલાક અંશે મત બદલાયા હોય તે સ્વાભાવિક છે. રિપોર્ટનો હેતુ પ્રજા સાથે જોડાયેલા મુદ્દાને લઈને સમજ સુધારી દેવાનો રહેલો છે. સાથે સાથે સરકારના દેખાવને પ્રજા કેટલા માર્ક આપે છે તે બાબત પણ ઉપયોગી છે. રિપોર્ટના અન્ય કેટલાક હેતુ પણ રહેલા છે. પ્રાથમિકતા અને કામના મુલ્યાંકનમાં સતત ફેરફારો થતા રહે છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ ઝંઝાવતી પ્રચાર જારી રાખીને માહોલ બદલી નાંખવાના પ્રયાસ કર્યા છે. ગુજરાતમાં આ વખતે ભારતીય જનતા પાર્ટી વર્ષ ૨૦૧૪ લોકસભા ચૂંટણીની જેમ જ ૨૬ પૈકી ૨૬ સીટ જીતી શકશે કે કેમ તેને લઈને જોરદાર અભ્યાસ કરી રહી છે. સાથે સાથે તમામ મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો પણ જારી રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં મોદી લહેર વચ્ચે પાર્ટીએ સપાટો બોલાવ્યો હતો અને તમામ બેઠકો જીતી લીધી હતી. જો કે ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે જોરદાર દેખાવ કર્યો હતો. અને ભારતીય જનતા પાર્ટીને નજીકની ટક્કર આપી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં કોંગ્રેસે સૌથી શાનદાર દેખાવ કર્યો હતો. રોજગારને લઈને વાત કરવામાં આવે ો ગ્રામીણ વસ્તીની તે પાંચમા નંબરની પ્રાથમિકતા રહેલી છે. જ્યારે શહેરી વિસ્તારની ૧૦ નંબરી પ્રાથમિકતા રહેલી છે. મોટા ભાગના મતદારો પાર્ટીને પણ મહત્વ આપે છે. ઉમેદવારની પાર્ટીના આધાર પર ત આપવામાં આવે છે. ગુજરાતમાં ૭૮ ટકા મતદારો આ રીતે મતદાન કરે છે. સર્વેમાં મતદારોએ કહ્યુ છે કે અપરાધિક રેકોર્ડ ધરાવતા ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારવા જોઈએ નહીં. છેલ્લી લોકસભાની ચૂંટણીની વાત કરવામાં આવે તો ભારતીય જનતા પાર્ટીએ ૫૯.૧ ટકા મત હિસ્સેદારી હાંસલ કરી હતી. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ ૩૨.૯ ટકા મતહિસ્સેદારી હાંસલ કરી હતી. જો કે ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેના દેખાવમાં ઉલ્લેખનીય સુધારો કર્યો હતો. છેલ્લી ચૂંટણીમાં અન્યોને આઠ ટકા મતહિસ્સેદારી મળી હતી. લોકસભાની ૨૬ પૈકી ૨૬ સીટ જીતવા માટે ભારતીય જનતા પાર્ટીએ પૂર્ણ તાકાત લગાવી હોવા છતાં આઈ વખતે કેટલીક સીટ તેના હાથમાંથી નિકળી શકે છે. જેના માટે કેટલાક કારણો પણ જવાબદાર દેખાઇ રહ્યા છે. કેટલાક કોંગ્રેસી નેતાઓનુ પણ કહેવુ છે કે નરેન્દ્ર મોદી લહેર હવે દેખાતી નથી. કેટલાક વિસ્તારોમાં પાટીદારો, દલિતો અને અન્ય સમુદાયની નારાજગી પણ છે. ભાજપ સામે ૨૬ પૈકી ૨૬ સીટ જીતવી સરળ નથી.

કમકમાટીપૂર્ણ ગોધરાકાંડની ઘટનાનો ઉલ્લેખ લોકો ઈચ્છતા નથી

ગોધરા : સ્થાનિક વિકાસ મુખ્ય મુદ્દો



ગુજરાત અને સમગ્ર દેશને હચમચાવી મુકનાર ગોધરા અગ્નિકાંડની ઘટનાને ભુલીને ગોધરાના લોકો આગળ નિકળી રહ્યા છે

ગોધરાનુ નામ આવતાની સાથે જ દિલોદિમાગ પર તરત જ વર્ષો પહેલાની એ ઘટનાની યાદ તાજી થઈ જાય છે જે ઘટનાના કારણે ગુજરાતના ઈતિહાસમાં અભૂતપૂર્વ કોમી રમખાણ ભડકી ઉઠ્યા હતા. જેમાં હજારો લોકોના મોત થયા હતા. વર્ષો બાદ પણ આ ઘટનાને ગોધરાના લોકો ભુલી શક્યા નથી. ગોધરા કાંડની કમકમાટીપૂર્ણ ઘટનાને ભુલીને લોકો હવે આગળ નિકળી ચુક્યાછે. ગોધરાના લોકો હવે આ ઘટનાનો ઉલ્લેખ પણ કરવામાં આવે તેમ ઈચ્છતા નથી. સ્થાનિક વિકાસને અહીંના મતદારો મહત્વ આપી રહ્યા છે. પંચમહાલ સીટ પર તમામ મતદારોની અને દેશના લોકોની પણ નજર રહેશે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. અહીં ક્યારેય પણ ત્રીજી પાર્ટી પ્રવેશી શકી નથી. આ વખતે પંચમહાલ લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસમાંથી બળવો કરીને અપક્ષ ચૂંટણી લડી ચુકેલા અને ધારાસભ્ય બનેલા રતનસિંહ મગન સિંહ રાઠોરને ટિકિટ આપી છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ અહીંથી વીકે ખાંટને ચૂંટણી મેદાનમાં ઉતારી દીધા છે. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી બંનેએ પૂર્ણ તાકાત લગાવી દીધી છે. ગોધરા કાંડની ઘટનાને માત્ર ગુજરાતના લોકો જ નહીં બલ્કે સમગ્ર દુનિયાના લોકો જાણે છે. ચૂંટણીમાં પણ આ ઘટનાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવી રહ્યો નથી. આનાથી આગળ નિકળીને હવે લોકો સ્થાનિક મુદ્દાઓ અને ખેડુતોના મુદ્દાને મહત્વ આપી રહ્યા છે. લોકો કહે છે કે છેલ્લી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રભાત સિંહ ચૌહાણનો સમુદાય વિશેષના લોકોએ પણ મત આપ્યા હતા. જો કે તેઓ આ વખતે ચૂંટણી મેદાનમાં નથી. ભારતીય જનતા પાર્ટીએ રતનસિંહનો મેદાનમાં ઉતાર્યા છે. ભારતીય જનતા પાર્ટીએ વયના કારણે આ વખતે પ્રભાત સિંહની ટિકિટ કાપી દીધી છે. તેમની તમામ વર્ગોમાં સારી પક્કડ રહેલી છે. ગોધરા શહેર અને પંચમહાલ લોકસભા સીટના વેજલપુર, કાલોલ, હલોલ અને બાસવા સહિતના વિસ્તારમાં રહેતા લોકો માને છે કે ચૂંટણીમાં સ્થાનિક વિકાસ જ મુખ્ય મુદ્દો છે. ખેડુતોની લોન માફી અને પાકની સારી કિંમત મળે તે દિશામાં પગલા લેવામાં આવે તેવી ઈચ્છા લોકો રાખે છે. રોજગારની વાત કરવામાં આવે તો ગોધરાથી વડોદરા રોડ પર સ્થિત તમામ ફેક્ટરી છે. જેમાં સ્થાનિક લોકોને જ નહીં બલ્કે ઉત્તરપ્રદેશ, બિહાર અને અન્ય રાજયોના લોકો નોકરી કરી રહ્યા છે. રાજસ્થાનના મોટી સંખ્યામાં યુવાનો પણ નોકરી કરી રહ્યા છે. કેટલાક મતદારો એમ પણ કહે છે કે કોઈ પણ મુદ્દા હોય જીતી ગયા બાદ કોઈ પણ યાદ કરતા નથી. તમામ લોકો તૈયારીમાં લાગેલા છે. હિન્દુ અને મુસ્લિમ મતદારો વચ્ચે અંતર કર્યા વગર કેટલાક મતદારો કહે છે કે સ્થાનિક ચૂંટણી મુદ્દો મુખ્ય મુદ્દો રહેલા છે. વિકાસના મુદા પર જ મતદાન થનાર છે. સમુદાય વિશેષના મતને લઈને વધારે આશા દેખાતી નથી. જોકે લોકસભાની ચૂંટણીમાં પંચમહાલ સીટ પર પણ રાજકીય પંડિતોની નજર રહેનાર છે. ગોધરાની ઘટનાને યાદ કરવા માટે લોકો ઈચ્છુક નથી. આંકડા કહે છે કે પંચમહાલ લોકસભા સીટ પર ૧૭ લાખથી વધારે મતદારો છે. ગોધરા, કાલોલ, મોરવા , શહેરા, લુનાવાડા, બાલાસિનોર, ઠાસરા વિધાનસભા સીટ આ લોકસભા સીટ હેઠળ આવે છે. પંચમહાલ સીટની વાત કરવામાં આવે તો લોકો જુદા જુદા અભિપ્રાય ધરાવે છે. ગોધરામાં અડધા વસ્તી મુસ્લિમોની છે જેથી ભારતીય જનતા પાર્ટીને પણ વધારે તાકાત લગાવી દેવાની ફરજ પડી શકે છે. લુનાવડા, બાલાસિનોર અને ઠાસરામાં પણ મોટી સંખ્યામાં મુસ્લિમ મતદારો છે. ૨.૫૦ લાખથી વધારે મુસ્લિમ મતદારો છે. લુનાવડા સહિત કેટલીક સીટ પર પટેલ સમુદાયનુ પણ પ્રભુત્વ છે. જેથી પંચમહાલના પરિણામ પર તમામની નજર રહેશે. આ સીટ પર ભારતીય જનતા પાર્ટીને અન્ય સીટો કરતા વધારે તાકાત લગાવી પડી શકે છે તેમ જાણકાર રાજકીય પંડિતો કહે છે.

મોદીએ પાંચ વર્ષમા દુશ્મન કરતા તેમના પ્રત્યે શ્રદ્ધા રાખનાર વધાર્યા

શ્રદ્ધા, ભક્તિ અને નરેન્દ્ર મોદીની ચર્ચા



અલ્પેશે જણાવ્યું હતું કે, આ એક નિમ્ન કક્ષાની રાજનીતિ થઈ રહી હતી. આ ઘટનાની તટસ્થ તપાસ થવી જોઈએ. આંદોલન સમયે હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવેલા ઉશ્કેરણીજનક નિવેદનોના કારણે તેમના સમર્થકો ઉશ્કેરાયા અને હિંસા ફાટી નીકળી, બસો સળગી, મોલો તૂટ્યા. આ હીંસામાં ૧૪ લોકોના મોત થયા છે એનું દુ:ખ હોવું જોઈએ.

૧૪ લોકોના મોતની જવાબદારી કોની એ અંગે અલ્પેશ ઠાકોર જણાવ્યું હતું કે, આંદોલકારી તરીકે લોકો આપણા વિચારો અને વર્તનને અનુસરતા હોય છે. તો હું એવું માનું છું કે, ૧૪ લોકોના મોતની જવાબદારી આંદોલનકારી તરીકે હાર્દિક પટેલની ગણી શકાય છે.

બીજા તબક્કાના મતદાન દરમિયાન રૂ. ૬૯૭ કરોડ રોકડ, ૨૧૯ કરોડનો દારૂનો જથ્થો જપ્ત



ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી માટે ગુરુવારે બીજા તબક્કા માટે ૧૧ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ માટે કુલ ૯૫ બેઠક માટે મતદાન થયું હતું. ચૂંટણી પંચની કડકાઈ બાદ પણ રોકડ રકમ અને દારૂના ઉપયોગ કરીને કેટલાક અસામાજીક તત્વો ચૂંટણીને પ્રભાવિત કરવામાં સક્રિય રહ્યા હતા. બીજા તબક્કાના મતદાન દરમિયાન ૬૯૭ કરોડ રૂપિયાની રોકડ રકમ અને ૨૧૯ કરોડ રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો. આ સિવાય કુલ ૨,૬૩૨ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓ પણ જપ્ત કરાઈ હતી.

ચૂંટણી પંચની એક ટીમે મુંબઈના સાયન વિસ્તારમાંથી ૧૧.૮૫ લાખ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી હતી. ૧૦મી માર્ચે ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણી તારીખોની જાહેરાત બાદ આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ગઈ હતી. મુંબઈ સિવાય તામિલનાડુના જુદા-જુદા વિસ્તારોમાં આવકવેરા વિભાગ અને ચૂંટણી પંચે દરોડા પાડ્યા હતા. આ દરોડા મારફતે લગભગ ૧૩૫ કરોડની રોકડ રકમ જપ્ત કરાઈ હતી. આ સિવાય તામિલનાડૂના વેલ્લોર લોકસભા બેઠક પર ચૂંટણી રદ કરવામાં આવી હતી. હકીકતમાં આ વિસ્તારમાં આવકવેરા વિભાગના દરોડામાં ૧૧ કરોડ રૂપિયાથી પણ વધુ રોકડ જપ્ત થઈ હતી. આ દરોડા દ્રમુકના તાના સીમેન્ટ ગોડાઉન પાડવામાં આવ્યા હતા. ચૂંટણી પંચનું માનવું હતું કે આ રુપિયા મતદાતાઓના વોટ ખરીદવા માટે હતા. આ સિવાય મતદારાને આકર્ષવા માટે અનેક જગ્યાઓએ દારૂ વેચવાની પણ તૈયારીઓ કરાઈ હતી. વિવિધ જગ્યાઓ પર ચૂંટણી પંચે દરોડા પાડી કુલ ૨૧૯ કરોડ રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધી કુલ ૪૦ કરોડથી વધુ રકમનો દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે હરિયાણામાંથી ૫૨ લાખ રૂપિયા અને પૂર્વ રાજસ્થાનમાંથી ૩૦ લાખ રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો.

આત્મસન્માન માટે પાર્ટી છોડી: પ્રિયંકા

કોંગ્રેસને મોટો ફટકો: પ્રિયંકા ચતુર્વેદી ભાજપ સહયોગી શિવસેનામાં જોડાયા



ન્યુ દિલ્હી

પ્રિયંકા ચતુર્વેદી શુક્રવારે શિવસેનામાં સામેલ થઈ ગઈ છે. તેઓએ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં પાર્ટીનું સભ્યપદ ગ્રહણ કર્યું. આ દરમિયાન પ્રિયંકાએ કહ્યું, મહિલા સન્માન ઘણો જ મોટો મુદ્દો છે. મેં આત્મસન્માન માટે પાર્ટી છોડી. ગેરવર્તણૂંકથી નારાજ થઈને મેં કોંગ્રેસ છોડ્યું. મેં ઘણું વિચાર્યુ અને તે બાદ શિવસેનામાં જોડાવવાનો નિર્ણય કર્યો. મેં તે જાણ્યું કે કયા મુદ્દાઓ મારી પ્રાથમિકતા છે. પ્રિયંકા કોંગ્રેસની રાષ્ટ્રીય પ્રવક્તા હતી, જેઓએ શુક્રવારે સવારે જ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું છે. પ્રિયંકા ચતુર્વેદીએ બુધવારે પોતાના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પરથી ટ્વીટ કરી પોતાની જ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલા ગેરવર્તણૂંક પર નિરાશા વ્યક્ત કરી હતી.

પ્રિયંકા થોડાં દિવસ પહેલાં યુપીના મથુરામાં હતી, જ્યાં રાફેલ ડીલ પર થેયલી એક પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ તેમની સાથે અભદ્ર અને અમર્યાદિત વ્યવહાર કર્યો હતો. જેના પર ઉત્તરપ્રદેશ કોંગ્રેસ કમિટીએ કાર્યકર્તાઓ વિરૂદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. જો કે બાદમાં ઘટના પર ખેદ વ્યક્ત કરી કાર્યવાહીને નિરસ્ત કરી દીધી હતી. આ મુદ્દે અફસોસ વ્યક્ત કરી પ્રિયંકા ચતુર્વેદીએ દુ:ખ વ્યક્ત કર્યું હતું. પ્રિયંકાએ ટ્વીટ કર્યું હતું કે, ×ઘણી દુ:ખની વાત છે કે પાર્ટી જેઓ લોહી-પરસેવો એક કરે છે તેના બદલે મારપીટ કરનાર બદમાશોને વધુ મહત્વ આપે છે. પાર્ટી માટે મેં અભદ્ર ભાષાથી લઈને મારામારી પણ સહન કરી, તેમ છતા જે લોકોએ મને પાર્ટીની અંદર ધમકી આપી તેની સાથે કોઈ ઠોસ કાર્યવાહી ન થઈ. જે ઘણી દુર્ભાગ્યપૂર્ણ વાત છે.×

દેશ કોંગ્રેસમુક્ત થશે પછી જ ગરીબી નાબૂદ થશે: રાજનાથ



હાવરા

કેન્દ્રના ગૃહપ્રધાન રાજનાથસિંહે હાવરા જિલ્લામાં એક રેલીને સંબોધતા મમતા બેનરજી અને રાહુલ ગાંધી પર હુમલો કર્યો હતો. ગરીબી હઠાવવા માટે કોંગ્રેસના જૂઠાં વચનની હાંસી ઉડાવી હતી. કોંગ્રેસમુક્ત દેશ બનશે એટલે દેશની ગરીબી આપોઆપ નાબૂદ થઈ જશે. જવાહરલાલ નહેરુના સમયથી દેશમાંથી ગરીબી નાબૂદ કરવાના વચન કોંગ્રેસ આપતી રહી છે. હવે પાંચમી પેઢી એ જ વચન દોહરાવી રહી છે.

પ. બંગાળમાં મમતા બેનરજીનું શાસન આવ્યા બાદ રાજ્યમાં લોકશાહીનો અંત આવ્યો હતો. વિપક્ષો પર હિંસાના બનાવો સતત વધ્યા છે. લોકશાહી પુનઃ સ્થપાય નહીં ત્યાં સુધી અમે લડતા રહીશું, એમ તેમણે કહ્યું હતું.

મમતાના શાસનમાં મા, માતૃભૂમિ અને માણુસ સહન કરી રહેલ છે. ટીએમસીના સૂત્રા મા, માટી અને માણુસના સંદર્ભમાં તેમણે કહ્યું હતું.

આઝમ ખાનના બહાને જયાપ્રદાએ અખિલેશને નિશાને લીધા

અખિલેશ પણ આવા જ માહોલમાં ઉછર્યા છે તેમની વિચારધારા પણ એવી જ હશે



લખનઉ

ભાજપના ઉત્તરપ્રદેશના રામપુર સંસદીય બેઠક પરના ઉમેદવાર જયાપ્રદાએ આઝમ ખાનના વિવાદાસ્પદ નિવેદનને લઈને સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ પર નિશાન સાધ્યું હતું. આઝમ ખાને જયાપ્રદા વિરુદ્ધ અભદ્ર કોમેન્ટ કરી હતી જેની ચૂંટણી પંચે નોંધ લીધી અને આઝમ ખાન પર ત્રણ દિવસનો પ્રતિબંધ પણ મૂક્યો હતો.

અખિલેશ યાદવ પર હુમલો કરતા જયાપ્રદાએ કહ્યું કે તેમની પાસેથી કોઈ અપેક્ષા રાખી શકાય એમ નથી. ભાજપમાં થોડા દિવસ પહેલાં જ સામેલ થયેલા જયાપ્રદાએ કહ્યું કે અખિલેશ યાદવની હાજરીમાં આઝમ ખાને બકવાસ નિવેદન આપ્યું એટલે અખિલેશ પાસેથી પણ કોઈ અપેક્ષા નથી. તેઓ પણ એવા જ માહોલમાં ઉછર્યા છે તો તેમની વિચારધારા પણ એવી જ હશે.


જયાપ્રદાએ કહ્યું કે આઝમ ખાનની તેમના પ્રત્યેની નફરતનું કારણ તેમની અસલામતિની લાગણી હોઈ શકે છે. એ સાથે જ જયાપ્રદાએ એમ પણ કહ્યું કે આ પ્રકારની નિમ્ન ટિપ્પણી બાદ રાજકીય દલીલબાજી અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે.

ભાજપના કેન્દ્રીય મંત્રી મનોજસિંહાનું વિવાદાસ્પદ નિવેદન

ભાજપ કાર્યકરો સામે ઉઠેલી આંગળી ૪ કલાક પણ સલામત નહીં રહે

ગાજીપુર

લોકસભા ચૂંટણીમાં નેતાઓની બેફામ નિવેદનબાજી અટકવાનું નામ જ નથી લઈ રહી. આ લિસ્ટમાં હવે કેન્દ્રીય મંત્રી મનોજ સિંહા પણ સામેલ થઈ ગયા છે. તેમણે પોતાના સંસદીય ક્ષેત્રમાં કહ્યું હતું કે, જો ભાજપ કાર્યકર્તાઓ પર કોઈએ પણ આંગળી ઉઠાવી તો વિશ્વાસ રાખજો, ૪ કલાકમાં જ તે આંગળી સલામત નહીં રહેશે. મળતી માહિતી અનુસાર, કેન્દ્રીય મંત્રીએ આ નિવેદન ગાજીપુરમાં આયોજિત એક સભામાં આપ્યું છે. તે સાથે જ તેમણે કહ્યું હતું કે, કોઈપણ પૂર્વાંચલનો અપરાધી કોઈની પણ ઔકાત નથી કે ગાજીપુરની સીમામાં આવીને ભાજપના કાર્યકર્તા તરફ આંખો બતાવશે, તે આંખ સલામત નહીં રહેશે.



આ અગાઉ મનોજ સિંહાએ કહ્યું હતું કે, ભાજપના કાર્યકર્તા અપરાધથી મેળવેલા ધન અને ભ્રષ્ટાચારને જમીનદોસ્ત કરવા માટે તૈયાર છે. કેન્દ્રીય મંત્રી તરફથી ધમકીભર્યા નિવેનદનની ચારેબાજુ ચર્ચા થઈ રહી છે. જણાવી દઈએ કે, આ અગાઉ ચૂંટણી આયોગ તરફથી વિવાદિત નિવેદન આપવા બદલ નેતાઓ પર પ્રતિબંધ લગાવવામાં આવી ચુક્યો છે. જેમાં માયાવતી પર ૪૮ કલાક અને ઉત્તર પ્રદેશના ઝસ યોગી આદિત્યનાથ પર ૭૨ કલાક સુધી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. પરંતુ એવું લાગી રહ્યું છે કે, નેતા નિવેદન આપવામાં મર્યાદાની સીમા પાર કરવામાં જરા પણ અચકાતા નથી.

સુષ્મા સ્વરાજના નિવેદન બાદ પાકિસ્તાની સેનાએ કહ્યું,

ભારત સ્વીકારી લે કે ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઇક નહતી થઈ: પાક. આર્મી



ઈસ્લામાબાદ

પાકિસ્તાની આર્મીએ કહ્યું કે, ભારતે એ સ્વીકારી લેવું જોઈએ કે ૨૦૧૬માં કોઈ સર્જિકલ સ્ટ્રાઈક થઈ ન હતી. સાથે એવું પણ કહ્યું કે, નવી દિલ્હીએ તે દાવો પણ પરત લઈ લેવો જોઈએ કે તેમને ફેબ્રુઆરીમાં એર સ્ટ્રાઈક દરમિયાન પાકિસ્તાનના ૬-૧૬ લડાકુ વિમાનને તોડી પાડ્યું હતું. જો કે વિદેશ મંત્રી સુષમા સ્વરાજે ગુરુવારે અમદાવાદમાં કહ્યું હતું કે, બાલાકોટ હુમલામાં પાકિસ્તાનના નાગરિક કે સૈનિકને કોઈ નુકસાન થયું નથી.

પાકિસ્તાની આર્મીના પ્રવક્તા મેજર જનરલ આસિફ ગફુરે કહ્યું કે, આશા રાખું છું કે ભારત ખોટા દાવાઓ કરવાનું બંધ કરે કે તેમને ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. ભારત તે વાતથી પણ ઈંકાર કરી રહ્યો છે કે પાકિસ્તાને તેના ૨ વિમાન તોડી પાડ્યા હતા. ભારતે પાકિસ્તાનના ૬-૧૬ ફાઈટર જેટને તોડી પાડવાનો ખોટો દાવો કર્યો હતો.

મહિલા કાર્યકર્તાઓને સંબોધિત કરતા સુષમા કહ્યું હતું કે, એરસ્ટ્રાઈક માટે સેનાને ખુલ્લી છૂટ આપવામાં આવી હતી, પરંતુ એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે કોઈ પણ નાગરિક કે સેનાના જવાનને નુકસાન ન થાય. આટલું જ નહીં તેના કોઈ પણ સામાન્ય નાગરિકને ખરોચ પણ નથી આવી, અમે આંતરરાષ્ટ્રીય સમુદાયને પણ જણાવ્યું હતું કે,એરસ્ટ્રાઈક પોતાના બચાવમાં કરવામાં આવેલી એક કાર્યવાહી છે.

વિપક્ષ પાર્ટીઓની ઉંઘ ઉડી,જનતા મોદીના પક્ષમાં છે

ઓડિશા-બંગાળ, પૂર્વોત્તરનાં પરિણામ ચોંકાવશે: જેટલી

ન્યુ દિલ્હી



લોકસભા ચૂંટણીઓના તાજેતરના બે તબક્કામાં થયેલા મતદાનને જોતાં નાણાપ્રધાન અરુણ જેટલીએ કહ્યું કે જનતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પક્ષમાં જતી દેખાય છે અને તેનાથી વિપક્ષી પાર્ટીઓની ઊંઘ ઊડી ગઈ છે, કેમ કે મોદી સરકાર વિરુદ્ધ તેમણે જે ખોટો પ્રચાર કર્યો છે તે વોટર્સને આકર્ષી શક્યો નથી.

જેટલીએ ટ્વિટ કર્યું કે ભારત હવે રાજકીય અસ્થિરતાના સમયને પાછળ છોડતાં ભાજપની પૂર્ણ બહુમતી સાથે સરકારને ચૂંટવાના રસ્તે અગ્રેસર છે. જેટલીએ દાવો કર્યો છે કે આ વખતે પૂર્વોત્તર, પશ્ચિમ બંગાળ અને ઓડિશાનાં ચૂંટણી પરિણામ અત્યંત ચોંકાવનારાં હશે. તેમણે ટ્વિટ કર્યું હતું કે પૂર્વોત્તર, પશ્ચિમ બંગાળ અને ઓડિશાનું રિઝલ્ટ આ વખતની લોકસભા ચૂંટણીઓમાં ચોંકાવનારું રહેશે. બીજી બાજુ ભાજપના મીડિયા પ્રભારી અને રાજ્યસભાના સાંસદ અનિલ બલુનીએ કહ્યું હતું કે ગુરુવારે પશ્ચિમ બંગાળની જે પાંચ બેઠક પર વોટિંગ થયું તેમાંથી ચાર બેઠક પર ભાજપ જીતશે, સાથે તેમણે દાવો કર્યો છે કે તૃણમૂલ કોંગ્રેસ ભાજપના પક્ષમાં વહેતી હવાને જોઈને આવેશમાં આવી ગઈ છે અને તેમના કાર્યકર્તા ભાજપના કેડર્સ પ્રત્યે હિંસક બની ગયા હતા.

એક સમયે આખા દેશની જીભ પર હતું જેનું નામ એ ઐશ્વર્યા સાથે રોમેન્સ કરશે !



મુંબઈ

સાઉથ સ્ટાર સત્યરાજ ફિલ્મ બાહુબલિમાં કટપ્પાનો રોલ કરીને આખા દેશમાં લોકપ્રિય થઈ ગયા હતા. એક સમયે બધાની જીભ પર એક જ સવાલ હતો કે કટપ્પાએ બાહુબલિને કેમ માર્યો? હવે પડદા પર આ રોલ કરનાર સત્યરાજને એક બીજી મોટી ફિલ્મ મળી ગઈ છે.

રિપોર્ટ પ્રમાણે સત્યરાજને મણિરત્નમની ઐશ્વર્યા રાય અભિનીત ફિલ્મ માટે સાઈન કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં તેને ઐશ્વર્યાના પતિના રોલ માટે સાઈન કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી મણિરત્નમ લેખક કૃષ્ણમૂર્તિ કલ્કિની નોવેલ પર કામ કરી રહ્યા હતા. આ નોવેલ પુરી થવામાં ત્રણ વર્ષ જેટલો સમય લાગી ગયો હતો. આ નોવેલ પુરી થતા જ ફિલ્મમેકર મણિ રત્નમે એના પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરી દીધી છે. આ ફિલ્મમાં ઐશ્વર્યા રાય બચ્ચન અને સત્યરાજ સિવાય વિજય સેતુપતિ, સિમ્બુ અને જયમ રવિ પર જોવા મળશે.

આ ફિલ્મમાં ઐશ્વર્યા સાથે અમિતાભ બચ્ચન પણ કામ કરે એવી પુરેપુરી શક્યતા છે. હકીકતમાં ઐશ્વર્યાએ આ ફિલ્મમાં કામ કરવાની હા પાડી દીધી છે પણ અમિતાભ તરફથી સત્તાવાર સમર્થન નથી મળ્યું. મણિરત્નમની આ ફિલ્મમાં ઐશ્વર્યા નેગેટિવ રોલમાં હોવાની ચર્ચા છે.

વિન્તા નંદા પણ અજય દેવગણથી નારાજ, આલોક નાથની સાથે કેમ કર્યુ કામ?



મુંબઈ

બોલિવૂડમાં એક વખત ફરી મીટૂ મૂવમેન્ટ તેજ થઈ રહી છે. આ વખતે અજય દેવગણ તેની ફિલ્મને કારણે ખરાબ રીતે ફસાંઇ ગકયો છે. અજય દેવગણની ફિલ્મ 'દે દે પ્યાર દે'નું ટ્રેલર રિલીઝ થયુ છે. આ ટ્રેલરમાં મીટૂનાં આરોપી આલોક નાથ નજર આવે છે. આલોક નાથનાં ફિલ્મમાં લેવા બદલ તેનો વિરોધ કર્યો છે. તનુશ્રી દત્તાએ અજય દેવગણ અને ફિલ્માં પ્રોડ્યુસર લવરંજનનો વિરોધ કર્યો છે. હવે આ મામલે પોતે વિન્તા નંદાનું નિવેદન વાયરલ થઈ રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિન્તા નંદા ખુબજ નારાજ છે. નિંદાએ ઘણાં સમય પહેલાં જ આલોકનાથ પર મીટૂ હેઠળ રેપ જેવા ગંભીર આરોપ લગાવ્યો અને ક્વૈંઇ પણ દાખલ કરાવી હતી.

રિપોર્ટ્સ મુજબ, વિન્તા નંદાએ આ મામલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'મને અજયથી આવી આશા ન હતી. મને નથી લાગતું અજય કોઇ પ્રકારનું સ્ટેડ લેવાની સ્થિતિમાં છે. તેનાં માટે ફક્ત પ્રોજેક્ટમાં લાગેલા પૈસા જ એક માત્ર ધર્મ છે. જ્યારે વાત બોક્સ ઓફિસની આવે તો પૈસા સીવાય કોઇ ધર્મ નથી હોતો.

તેણે કહ્યું કે, 'કોઇ પૈસાને ધર્મ માને છે પણ ઓડિએન્સ એક એવી એજન્સી છે જે ફિલ્મને રિજેક્ટ કરી શકે છે. જો તેઓ આમ નથી કરતી તો તે દર્શાવે છે કે, સમાજ કેટલો ક્રુર છે હું માનું છુ કે, ઓઢિયન્સ તે તમામ લોકોની રાતોની ઊંઘ ખરાબ કરી દેશે જે લોકો આઝે સ્ટેન્ડ લેવાથી પાછળ હટે છે.'

આ પહેલાં આલોક નાથ મામલે તનુશ્રી દત્તાએ કહ્યું હતું કે, 'હિન્દી સિનેમા પાખંડીઓથી ભરેલો છે 'દે દે પ્યાર દે' ફિલ્મનાં મેકર્સે એક રેપિસ્ટને પોતાની ફિલ્મનો હિસ્સો બનાવ્યો. મીટૂ મૂવમેન્ટ હેઠળ આલોક નાથ પર ઘણી મહિલાઓએ આરોપ લગાવ્યા હતાં. તે ઇચ્છતા તો તેનાં સીનને અન્ય કોઇ એક્ટર સાથે ફરીથી ફિલ્માવી શકતા હતાં. પણ તેમણે આમ ન કર્યું.'

પટિયાલા બાળકોની પહેલી સદીમાં - ૧૦૦ એપિસોડ સમાપ્ત



મુંબઈ

જે વિશાળ ચાહક ભોગવે સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન લોકપ્રિય શો પટિયાલા Babes એ તાજેતરમાં ૧૦૦ એપિસોડ પૂર્ણ કરી હતી. શો લેખક Rajita શર્મા અને ક્રૂ સાથે Paridhi શર્મા, Ashnoro કૌર, Aniruddh ડેવ, Hunar શેતરંજી અભિનિત તેમની પ્રથમ સીમાચિહ્ન હાંસલ કર્યા બાદ ઊર્મિલ હતા. જ્યારે શો ચાહકો સામાજિક મીડિયા પર લીધો કાસ્ટ અને ક્રૂ અભિનંદન આ પ્રસંગે પણ વધુ ખાસ બની હતી.

પટિયાલા Babes મજબૂત બોન્ડ એક માતા બબીતા અને પુત્રી, મિની વચ્ચે શેર દર્શાવાય છે. તે તેમની બોન્ડ અને કેવી રીતે સફળતાપૂર્વક તેઓ તમામ અવરોધો સામે કાબુ એક વાર્તા છે. શો વાર્તા કહેવાના તરફ અને ઓછામાં ઓછા કે કોઈ કૅક્રિઝ્રજ સાથે તેના તાજા અભિગમ સાથે સાહિત્ય શૈલી પુનઃવ્યાખ્યાયિત આવ્યું છે. પોસ્ટ પેક અપ, સમગ્ર ટીમ કેક કટીંગ ઉજવણી એક વિશાળ બાસ દ્વારા અનુસરવામાં માટે એકસાથે એકત્ર થયા હતા. Paridhi શર્મા જે સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન માતાનો પટિયાલા Babes નાયક ચાલી રહી છે સંપર્ક પર જણાવ્યું હતું કે ×પટિયાલા Babes ૧૦૦ એપિસોડ પ્રથમ મોટી સીમાચિહ્નરૂપ અમે સાથે પ્રાપ્ત છે. તે લાગે છે જેમ અમે હમણાં જ ગઈકાલે શૂટિંગ શરૂ કર્યું અને તે અતિવાસ્તવ લાગે છે કે આપણે પહેલેથી જ ૧૦૦ એપિસોડ પૂર્ણ કરી છે. પ્રવાસ અમેઝિંગ કરવામાં આવી છે અને દરેક દિવસ આનંદ સાથે ભરવામાં આવી હતી. હું અત્યંત આભારી અને ખુશ શો સમાજમાં તફાવત લાવવા સતત પ્રયત્નો કરી રહી છે એક ભાગ બનવા માટે લાગે છે. પ્રવાસ માત્ર શરૂ કરી દીધી છે, ત્યાં માઇલ જવા માટે છે. × આગળ જતાં શો પર કોઈ પથ્થર મંત્રમુગ્ધ સૌથી વધુ અણધારી સિક્વન્સ અને મનોરંજક ટ્વિસ્ટ સાથે તેના પ્રેક્ષકો માટે unturned છોડી જશે. એ યાદ રહે કે પટિયાલા Babes માત્ર સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન પર દર સોમ શુક્રવારે ૯:૦૦ આવે છે

હજી શૂટિંગ શરૂ થયું નથી અને સલમાન-આલિયાની ફિલ્મની સ્ટોરી લિક થઈ!



મુંબઈ

બોલિવૂડમાં હાલમાં મોટી જાહેરાત થઈ છે કે ફિલ્મમેકર સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ ઈન્શાલ્લાહમાં સલમાન ખાન અને આલિયા ભટ્ટની જોડી કામ કરી રહી છે. આ વાતની જાણકારી સલમાને પોતે પોતાના ટ્વિટરના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આપી છે. આમ, આલિયા પહેલીવાર સંજય લીલા ભણસાલીની હિરોઈન તરીકે જોવા મળશે.

આ ફિલ્મ વિશે એવી ચર્ચા હતી કે સલમાન અને આલિયા ભાઈ-બહેનના રોલમાં જોવા મળશે પણ હવે શૂટિંગ પહેલા જ ફિલ્મની સ્ટોરી લિક થઈ ગઈ છે. આ ફિલ્મનું શૂટિંગ હૃષિકેશ, હરિદ્વારા અને બનારસની સાથેસાથે યુએસમાં પણ થશે. મુંબઈના રિપોર્ટ પ્રમાણે આલિયા ફિલ્મમાં એક એક્ટ્રેસ બની છે જ્યારે સલમાન બિઝનેસમેનના રોલમાં છે. આ ફિલ્મની સ્ટોરી જ એવી હશે કે આલિયા અને સલમાનનો રોમેન્સ ખટકશે નહીં.

'હમ દિલ દે ચુકે સનમ' અને 'સાંવરિયા' બાદ સલમાન ખાન અને સંજય લીલા ભણસાલી ફરી સાથે કામ કરવાની તક શોધી રહ્યા હતા. ભણસાલીએ એક લવ સ્ટોરી સિલેક્ટ કરી છે, જેના સ્ક્રીનપ્લે પર કામ ચાલી રહ્યું છે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં શરૂ થાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, આ ફિલ્મ માટે દીપિકા પદુકોણ અને પ્રિયંકા ચોપરાના નામ બોલાયા હતા પણ આખરે આલિયાની પસંદગી છે. આલિયાએ હાલમાં જ 'બાહુબલી'ના મેકર્સ એસએસ રાજામૌલીની ફિલ્મ 'આરઆરઆર' સાઈન કરી છે અને હવે તે સંજય ભણશાલીની ફિલ્મમાં કામ કરવાની છે.

અમારી પાસે વિશ્વકપમાં ૧૧ નંબર સુધી મેચવિનર છે : બોલર ડેલ સ્ટેન



નવીદિલ્હી

વર્ષો પહેલાં એવું થતું હતું કે દક્ષિણ આફ્રીકા ક્રિકેટ વર્લ્ડ કપ રમવા જઈ રહ્યું છે, પરંતુ તેને કોઈ ચેમ્પિયન બનવાનું દાવેદાર ગણી રહ્યું નથી. એવું નથી કે દક્ષિણ આફ્રીકાની ટીમ નબળી છે, પરંતુ જ્યારથી એબી ડિવિલિયર્સે સંન્યાસ લીધો છે, ત્યારથી આ ટીમનું ફેક્ટર નિકળી ગયું છે. પરંતુ આ ટીમમાંથી બહાર લોકોને સમજી શકે છે. ટીમના સુપરસ્ટાર બોલર ડેલ સ્ટેનનું માનવું કંઈક અલગ છે. દુનિયાના બેટ્સમેનોમાં ખૌદ પેદા કરનાર આ બોલરે કહ્યું કે તેમની ટીમમાં એકથી એક માંડીને ૧૧ નંબર સુધી મેચ વિનર છે.

આઈપીએલમાં બેંગલુરૂ ટીમ સાથે કરાર કરનાર ડેલ સ્ટેને કહ્યું 'મને લાગતું નથી કે દક્ષિણ આફ્રીકાના બે-અઢી વર્ષમાં કોઈ વનડે સીરીઝ હાર્યું છે. તેમછતાં અમે કોઈ જીતનો દાવેદાર ગણી રહ્યું નથી તો કોઈ શું કરી શકે છે. પરંતુ એટલું નક્કી કર્યું છે કે અમે જીતની આશા સાથે વિશ્વકપમાં ઉતરી રહ્યા છીએ. જો તમે જીતની આશા સાથે આવી રહ્યા નથી તો તમારે જવું પણ ન જોઈએ. દક્ષિણ આફ્રીકાએ અત્યારે વર્લ્ડકપ માટે પોતાની ટીમની જાહેરાત કરી નથી.

ફાસ્ટ બોલર ડેલ સ્ટેને ક્રિકઈફોને કહ્યું ''હું ખોટું બોલી રહ્યો નથી. અમારી પાસે કેટલાક શાનદાર ખેલાડી છે. તેમાંથી ત્રણ કૈગિસો રબાડા, ઈમરાન તાહિર અને ફાફ ડૂ પ્લેસિસ છેલ્લા કેટલાક મહિનાઓથી સારા ફોર્મમાં છે. ક્વિંટન ડિકોક પણ ફોર્મમાં પરત આવ્યા છે. સત્ય એ છે કે અમારી પાસે પહેલા નંબરથી માંડીને ૧૧મા નંબર સુધી એવા ખેલાડી છે, જે પોતાના દમ પર મેચ જીતી શકે છે.

ડેલ સ્ટેને એ પણ કહ્યું કે વર્લ્ડકપમાં રેકિંગની વધુ અસર થવાની નથી. જે પણ ટીમ ઈંગ્લેંડની પરિસ્થિતિઓમાં જલદી ઢળશે, તે જીતની મોટી દાવેદાર હશે. ૩૫ વર્ષના ડેલ સ્ટેનનું આ અંતિમ વર્લ્ડ કપ હશે. તેમણે બે વર્લ્ડકપમાં ૧૪ મેચો રમ્યા છે અને તેમાં ૨૩ વિકેટ લીધી છે. વર્ષ ૨૦૧૧માં રમાયેલા વર્લ્ડકપમાં તેમણે ભારત વિરૂદ્ધ પાંચ વિકેટ લીધી હતી. દક્ષિણ આફ્રીકાએ તે મેચ ત્રણ વિકેટે ઝડપી જીતી હતી.

પાઘડી બાંધી વિરાટ કોહલી બોલ્યો 'સત શ્રી અકાલ'



નવીદિલ્હી

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ આજે ટ્વીટર પર પોતાનો લુક શેર કર્યો છે. વિરાટ પંજાબી લુકમાં દેખાઈ રહ્યો છે અને તેણે માથા પર પાઘડી, પઠાણી સૂટ અને કાળા કલરના પંજાબી જૂતા પહેર્યા છે. વિરાટે જમણાં ગાથમાં કડું પણ પહેર્યું છે. ગુલાબી પાઘડી પહેરીને વિરાટ આ તસ્વીરમાં હાથ જોડીને ઉભો છે અને તેણે તસ્વીરની સાથે 'બધાને સત શ્રી અકાલ' લખીને અભિનંદન કર્યા છે.

વિરાટનો આ નવો લુક ટ્વીટર પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અત્યાર સુધી આ તસ્વીરને ૨૦ હજાર કરતા પણ લોકોએ લાઇક કરી છે તો હજારોની સંખ્યામાં તેના ફેન્સ રીટ્વીટ કરી રહ્યાં છે. મહત્વનું છે કે, વિરાટ આ દિવસોમાં આઈપીએલમાં વ્યસ્ત છે. તે પોતાની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલોર તરફથી રમી રહ્યો છે. પરંતુ અત્યાર સુધી આ ટૂર્નામેન્ટમાં વિરાટની ટીમનું પ્રદર્શન ખરાબ રહ્યું છે.

આરસીબીની ટીમે અત્યાર સુધી ૮ મેચ રમી છે અને તેણે ૭ મેચોમાં પરાજયનો સામનો કરવો પડ્યો છે. આરસીબીને એક માત્ર જીત કિંગ્સ ઈલેવન પંજાબ વિરુદ્ધ મળી હતી. આ સિઝનમાં વિરાટની ટીમનું પ્લેઓફમાં પહોંચવું લગભગ મુશ્કેલ લાગી રહ્યું છે.

આઈપીએલ બાદ વિરાટ કોહલીની નજર ઈંગ્લેન્ડમાં શરૂ થઈ રહેલા વિશ્વકપ પર છે. હાલમાં ભારતની વિશ્વકપની ટીમની જાહેરાત કરી દીધી છે અને વિરાટની આગેવાનીમાં પસંદગીકારોએ ૧૫ સભ્યોની ટીમ પસંદ કરી છે. વિરાટ કોહલી પોતાના કરિયરમાં ત્રીજી વખત વિશ્વકપ રમશે.

નાના પાટેકર બાદ હવે તનુશ્રી દત્તાનાં નિશાને અજય દેવગણ



મુંબઈ

બોલિવૂડમાં અવાર નવાર કોઈને કોઈ મુદ્દે બબાલ ચાલતી રહે છે. પણ ઈન્ડસ્ટ્રીમાં ર્સ્ી મૂવમેન્ટથી તોફાન મચી ગયુ હતું. એક્ટ્રેસ તનુશ્રી દત્તાએ બોલિવૂડમાં મીટૂ આંદોલનની લહેર શરૂ કરી હતી. હાલમાં તનુશ્રી એક્ટર અજય દેવગણ પર વરસી છે તેણે ખુલ્લેઆમ અઝય દેવગણની ફઈલ્મ પર સવાલ કર્યા છે એટલું જ નહીં મેકર્સ અને અજય દેવગણને પણ કટાક્ષ કર્યા છે. તનુશ્રીનોઆ ગુસ્સો અજય દેવગણની ફિલ્મમાં કામ કરતા એક્ટરને કારણે છે.

અજય દેવગણની અપકમિંગ ફિલ્મ 'દે દે પ્યાર દે'માં મીટૂનો આરોપી આલોકનાથ છે. આ જોઈને તનુશ્રી દત્તા ગુસ્સે થઈ છે. પિલ્મનાં ટ્રેલરમાં આલોકનાથ નજર આવે છે. આ ટ્રેલર જોઈને ઘણાં લોકોએ ગુસ્સો જાહેર કર્યો હતો. હવે તનુશ્રી દત્તાએ 'દે દે પ્યાર દે'નાં મેકર્સ પર નિશાન શાધ્યુ છે.

તેણે અજય દેવગણ પર નિશાન સાધતા કહ્યું કે, 'હિંદી સિનેમા પાખંડીઓથી ભરેલુ છે. 'દે દે પ્યાર દે' ફઈલ્મનાં મેકર્સે એક રેપિસ્ટને તેમની ફિલ્મનો ભાગ બનાવ્યો છે. મીટૂ મૂવમેન્ટ હેઠળ આલોકનાથ પર ઘણી મહિલાઓનાં આરોપ લગાવ્યા હતાં. તે ઈચ્છતા તો તેના સીનને અન્ય એક્ટરની સાથે ફરી ફિલ્માવી શકતા હતાં. પણ તેમણે આમ ન કર્યું'

ગત દિવસોમાં મુંબઈમાં ટ્રેલર લોન્ચની ઈવેન્ટ દરમિયાન ફિલ્મનાં લેખક અને પ્રોડ્યુસર લવ રંજને ફિલ્મમાં આલોકનાથની હાજરી પર ઉઠતા સવાલો કરવામાં આવ્યા હતાં. લવ રંજને આ સવાલોનાં જવાબ આપવાનો ઈન્કાર કરી દીધો હતો.તો બીજી તરફ મીડિયા રિપોર્ટ્સમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આલોકનાથે મીટૂનાં આરોપ લાગત પહેલાં 'દે દે પ્યાર દે'ની શૂટિંગ પૂર્ણ થઈ ગઈ હતી. આપને જણાવી દઈએ કે એક્ટ્રેસ અને પ્રોડ્યુસર વિનતા નંદાએ આલોકનાથ પર મીટૂ હેઠળ ગંભીર આરોપો લગાવતા ક્વૈંઇ દાખલ કરાવી હતી.

સરકાર તરફથી NOTA ની માહિતી અને તેના અમલ માટે પ્રસિધ્ધિ કરવા માટે પગલાં ભરવાની માંગણી

ભરૂચ જિલ્લા અને ગુજરાત માં જ્યારે ચટણી નો માહોલ સર્જાયો છે ત્યારે સરકારે NOTAનો પ્રચાર અને માહિતી આપવામાં અભાવ રાખવામાં આવ્યો છે.

તેથી આ બાબતે પ્રકૃતિ સુરક્ષા મંડળ તરફથી ભરૂચ જિલ્લા કલેકટર સાહેબ ને લેખિત માં આ NOTA ની વધુ પ્રિસિધ્ધિ થાય જેથી સુપ્રિલ કોર્ટ ના હુકમ નો અમલ થાય અને આપણા બંધારણ ની કલમ ૨૧ નું અમલ થાય એવા પ્રયત્નો કરવા બાબત નો પત્ર લખ્યો છે.

હાલ માં ઉમેદવારો પ્રત્યે ઘણા લોકો માં નારાજગી છે તેથી નારાજ મતદારો મત ના આપવા આવે એવા સંજોગોમાં મતદાર ની ટકાવારી ઘટી શકે છે. તેવા સંજોગો માં જો લોકો વધુ મત આપવા આવે અને જેને ઉમેદવાર ના પસન્દ હોય તેવા સંજોગોમાં NOTA નો ઉપયોગ કરી શકે છે.

NOTA બાબતમાં વિગતે જણાવીએ તો 'નોટા'' .NOTA= None Of The Above શબ્દના પ્રથમ અંગ્રેજી અક્ષરો જોડીને "NOTA" (નોટા) શબ્દ બનાવાયો છે જેનો અર્થ થાય છે ઈ.વી.એમ.માં દર્શાવેલા ઉપર પૈકીના કોઈપણ ઉમેદવારને મતદાતા પોતાનો મત આપવા માગતો નથી.

ભારતના દરેક નાગરિકને બંધારણ દ્વારા અધિકાર અપાયો છે કે ચૂંટણીમાં ઉભેલા દરેક ઉમેદવારમાંથી મતદાતાને જો એક પણ ઉમેદવાર યોગ્ય ન લાગે તો તે કોઈપણ ઉમેદવારને મત ન આપવા માટે મતદાર મુકત છે અને આ બાબત સંપૂર્ણ ગુપ્ત રહેશે.સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો પૈકી કોઈને પણ પોતાનો મત ન આપવાની અને તે બાબત ગુપ્ત રાખવાની જોગવાઈનો અમલ કરવા અંગે દેશના ચૂંટણીપંચને ''નોટા'' સુવિધા આપવાનો આદેશ કર્યો છે જેના પગલે ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા દેશના કોઈપણ પ્રદેશમાં યોજાતી ચૂંટણીમાં વપરાનારા ઈલેકટ્રોનિક વોટીંગ મશીનમાં ''નોટા''નું બટન ઉમેરવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ''નોટા'' નું બટન બેલેટ પેપરમાં એક અલગ પેનલમાં સૌથી છેલ્લા ઉમેદવારના નામ નીચે પ્રિન્ટ કરેલું હોવું જોઈએ. આ બેલેટપેપરને ઈ.વી.એમ.ના બેલેટ યુનિટ સાથે જોડવાનું રહેશે. ઉમેદવારના નામ જે ભાષામાં લખાયેલા હોય તે જ ભાષામાં ''નોટા'' શબ્દો છપાયેલા હોવા જોઈએ અને તેની પેનલનું માપ ઉમેદવારના નામની પેનલના માપ જેટલું જ હોવું જોઈએ. ચૂંટણી પંચના આદેશ મુજબ મતદારો માટે ઈ.વી.એમ. અને બેલેટ પેપર ''નોટા'' નો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. અગાઉ ની ચૂંટણીઓ માં તેનો પ્રચાર અને અમલ થયો છે.

જયારે ઈ.વી.એમ.ની મતગણતરી કરવામાં આવે છે, ત્યારે સંબંધિત રીટન'ગ ઓફિસર દ્વારા તમામ ''નોન વોટસ'' ની અલગ ગણતરી કરવામાં આવે છે અને આ સંખ્યા માહિતી અધિકારના કાયદા હેઠળ ઉપલબ્ધ હોય છે સૌથી વધુ ''નોટા'' મળ્યાના કિસ્સામાં જે ઉમેદવારને સૌથી વધુ મત મળ્યા હશે તે ઉમેદવાર જ વિજેતા ગણાશે. આવનારા પરિણામ પર ''નોટા'' ની કોઈ અસર રહેશે નહીં ગેરહાજર રહીને મત ન આપવાનો વિકલ્પ અપનાવવા કરતાં મતદાર ''નોટા'' આપીને તેનો નકારાત્મક મત વ્યક્ત કરી શકશે.

ભારતીય બંધારણના આર્ટીકલ – ૨૧ મુજબ નકારાત્મક મત એ મતદારના અધિકારની ઓળખ છે તે મતદારને મતદાન કરવા પ્રેરશે તેનાથી રાજકોય પક્ષો પર સારા ઉમેદવારની નિમણૂક કરવાનું દબાણ આવશે અને ''નોટા'' દ્વારા જાહેર જનતાના મંતવ્યનું પ્રતિબિંબ પડતાં લાંબા ગાળે લોકશાહીને વધુ મજબૂત બનશે.

ચૂંટણી પ્રક્રિયામાં ''નોટા'' નો સમાવેશ કરનાર વિશ્વનો ૧૨ મો દેશ છે અન્ય દેશોમાં ફ્રાન્સ, બેલજિયમ, ગ્રીસ, બ્રાઝિલ અને બાંગ્લાદેશનો સમાવેશ થાય છે અંતમાં જોઈએ તો ''નોટા'' એ નકારવાનો અધિકાર નથી પણ કયારેય આક્રોશ ઠાલવી ન શકનારા મતદાતાઓને તેમનો આક્રોશ વ્યક્ત કરવાનું એક સબળ માધ્યમ છે દરેક મતદાતાએ સમજી વિચારીને આ માધ્યમનો ઉપયોગ કરવો જોઈએ.

રાજપીપલામાં આજે મતદાર જાગૃત્તિ અંતર્ગત "Walk fro vote" રેલી યોજાશે

રાજપીપળા : ભારતના ચૂંટણીપંચ દ્વારા જાહેર થયેલા લોકસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૯ ના કાર્યક્રમ અન્વયે તા.૨૩ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ નર્મદા જિલ્લામાં યોજાનારા મતદાન અંતર્ગત નર્મદા જિલ્લાની જનતા વધુમાં વધુ મહત્તમ મતદાન કરે તેવા હેતુસર જનજાગૃત્તિ કેળવવાના આશયથી તા.૨૦મી એપ્રિલ, ૨૦૧૯ ને શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે પ્રાંત કચેરી, રાજપીપળાના પ્રાંગણથી ટાઉન હોલ સુધી મતદાર જાગૃત્તિ રેલી "Walk fro vote" નું આયોજન કરાયું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આઈ.કે. પટેલ આ રેલીને પ્રસ્થાન કરાવશે, જેમાં સરકારી અધિકારીઓ / કર્મચારીઓ વગેરેને મોટી સંખ્યામાં ભાગ લેવા નર્મદા જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

વલસાડ જિલ્લામાં સભા સરઘસબંધી અમલી કરાઈ

વલસાડ

વલસાડ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતી જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે.જે.બોર્ડએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૨૫/૦૪/૨૦૧૯ સુધી અનઅધિકૃત રીતે/ ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવા કે બોલાવવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા, એસટી. બસમાં, રેલવેમાં મુસાફરી કરવા માગતા, મંદિર મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઇડ વ્યકિત તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં. આ આદેશોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

વતન જવા બાબતે પતિ સાથે ઝઘડો થતા પત્નીનો આપઘાત

સુરત

પતિ પત્ની વચ્ચે સામાન્ય બાબતોમાં ઝઘડા થતા રહે છે. પરંતુ ક્યારેક આ ઝઘડાનું ગંભીર પરિણામ આવતું હોય છે. ઝઘડાથી માઠું લાગી જતા પતિ કે પત્ની પોતાનું જીવન ટૂંકાવતા હોવાની ઘટનાઓ છાસવારે બને છે. આવી જ એક ઘટના સુરતમાં બની છે જેમાં પતિ પત્ની વચ્ચેના ઝઘડા બાદ પત્નીએ ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું.

સુરતના ડભોલીની પરિણીતાનો પતિ સાથે વતન જામનગર જવા બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડાથી માઠું લાગી આવતા પરિણીતાએ પોતાના ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી પ્રમાણે ડભોલી ભુવનેશ્વર સોસાયટી ખાતે રહેતા પરેશ શેરીયા રત્નકલાકાર છે. તેમની ૩૨ વર્ષીય પત્ની કૃપા સાથે વતન જામનગર જવા બાબતે બોલાચાલી થઈ હતી. સંતાનોનું વેકેશન હોવાથી કૃપા બાળકો સાથે વતન જવા ઈચ્છતી હતી. પરંતુ પતિએ થોડા દિવસ બાદ જવાનું કહ્યું હતું.

જે બાબતે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થયા બાદ ઝઘડો થયો હતો.જેનું માઠું લાગી આવતા તેણીએ પોતાના ઘરે ફાંસોખાઈને જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે ચોકબજાર પોલીસે વધુ તપાસ હાથધરી છે.

રાજપીપળામાં કાયદો માત્ર કાગળ ઉપર... પુરવઠા વિભાગનો અંધેર વહીવટ

વર્ષોથી હોટલો- લારીઓ ઉપર ગેરકાયદેસર વપરાતા રાંધણ ગેસ સિલિન્ડર છતાં આંખ આડા કાન કેમ..?

પુરવઠા દુકાનદારો પાસે ઓનલાઈન સહિતના કડક કાયદાનો અમલ કરાવતા અધિકારીઓને બાકીના કાયદા કેમ દેખાતા નથી...?

રાજપીપળા : નર્મદા જિલ્લામાં પુરવઠા વિભાગ નો અંધેર વહીવટ ચાલતો હોવાની વારંવાર ચર્ચા સંભળાઈ છે ત્યારે રાંધણ ગેસ સિલિન્ડરોનો ધંધાકીય ઉપયોગ કરતા કેટલાક વેપારીઓ પાસે કાયદાનો અમલ કેમ કરાવાતો નથી ...? રાજપીપળા સીત નમદા જિલાની હોટલો લારીઓ ઉપર ખુલ્લેઆમ કોમર્શિયલ ગેસના બદલે રાંધણ ગેસના બોટલોનો ઉપયોગ થાય છે તેમ છતાં પુરવઠા વિભાગ આંખ આડા કાન કરતું હોય એમ કોઈજ પગલાં લેતું નથી ત્યારે શું કાયદો માત્ર કાગળ પર જ હોય એમ લાગી રહ્યું છે જિલ્લાની પુરવઠા દુકાનદારો પાસે ઓનલાઈન સહીત કાયદાનો કડક અમલ કરાવતા અધિકારીઓ બાકીના કાયદાનો કેમ અમલ કરવામાં ઢીલી નીતિ અપનાવે છે...? એક તરફ



અમુક વાહનોમાં પણ રાંધણ ગેસનો ખુલ્લેઆમ ઉપયોગ

રાજપીપળા સહીત જિલ્લામાં ફરતા અમુક વાહનોમાં પણ સીએનજી ગેસની જગ્યા પર રાંધણ ગેસનો ઉપયોગ થતો હોવાની પણ વારંવાર વાત સામે આવી હતી છતાં જયારે ગેસ થી ચાલતા વાહન માં આગ લાગવા જેવી ઘટના સામે આવી ત્યારેજ તંત્ર તપાસ ના નામે નાટક કરતું જોવા મળે છે માટે દુકાનો લારીઓ ઉપર કોમર્શિયલ અબે વાહનોમાં સીએનજી ગેસ વપરાઈ એ માટે તંત્ર સજ્જ બને એ જરૂરી છે .

રાંધણ ગેસના બોટલો કાળા બજારમાં બિન્દાસ વેચાય રહ્યા છે ત્યારે બીજી તરફ અમુક ગેસ એજન્સીઓ દ્વારા પોતાના રેગ્યુલર ગ્રાહકોને સમયસર બોટલો મળતા નથી અથવા મોડા મળતા હોવાની વારંવાર બૂમ ઉઠે છે ત્યારે કાળા બજારમાં જોઈએ એ કંપનીના ભરેલા રાંધણ ગેસના બોટલો ક્યાંથી મળે છે...?

કોંગ્રેસ રૂ. ૭૨ હજાર આપવાની વાતો કરી પ્રજાને ગુમરાહ કરે છે: અમિત શાહ

વલસાડ-છોટાઉદેપુર

વલસાડ લોકસભાની બેઠકની ચૂંટણીના પ્રચાર માટે ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ અને સ્ટાર પ્રચારક અમિત શાહ ધરમપુરના માલનપાડામાં ભાજપના ઉમેદવાર ડો.કે.સી. પટેલના સર્મથનમાં જાહેર સભા સંબોધી હતી. જેમાં કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતને અન્યાય કરવો એ કોંગ્રેસની પરંપરા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસ દ્વારા જીતુ ચૌધરી અને ભાજપ દ્વારા ડો. કે.સી પટેલને ટિકિટ આપવામાં આવી છે.



અમિત શાહે સંબોધનની શરૂઆતમાં જ જાહેરસભામાં હાજર રહેલા લોકોનો આભાર માન્યો હતો. અને જણાવ્યું હતું કે, બે કલાક જેટલો ટાઈમ મોડા આવવા છતા તમારી ધીરજને સલામ છે. આદીવાસીઓના કલ્યાણનું ઉદાહરણ નરેન્દ્ર મોદીએ પુરૂ પાડયું છે. આદિવાસીઓના વિકાસ માટે વિવિધ યોજનાઓ લાવવામાં આવી છે. ૨૦૦૫માં વસતી પ્રમાણે બજેટ આપી અધિકારી આપ્યો છે. નવબંધુ કલ્યાણ યોજના હેઠળ ૮૦ હજાર કરોડ વપરાયા છે. કોંગ્રેસની સરકાર કરતા જંગલના પટ્ટા ચાર ગણાં અપાયા છે.

આ ઉપરાંત છોટાઉદેપુર લોકસભા બેઠકના ઉમેદવાર ગીતાબેન રાઠવાના પ્રચાર માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે બોડેલી ખાતે જાહેર સભા સંબોધી હતી. જેમાં અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ૫૫ વર્ષમાં કોંગ્રેસ તેમના શાસન દરમિયાન ગરીબી હટાવી શકી નથી. અને હવે ગરીબી હટાવવાની વાતો કરે છે અને કોંગ્રેસ રૂપિયા ૭૨ હજાર આપવાની વાતો કરી પ્રજાને ગુમરાહ કરી રહી છે.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી પદે હતા, ત્યારે છોટાઉદેપુર જિલ્લો અલગ કરવામાં આવ્યો હતો, જેથી છોટાઉદેપુર પંથકની જનતાને હવે વડોદરા જવુ પડતુ નથી. બધા કામ છોટાઉદેપુરમાં જ થઇ જાય છે. અને ભાજપે ૫ વર્ષમાં દેશમાં અનેક વિકાસના કાર્યો પૂર્ણ કર્યા છે.

સલાબતપુરામાં બે ગેરકાયદે બાંધકામોનું ડીમોલીશન કરાયું

રાવલીયો ટેકરો અને તાડવાડી મસ્જિદ પાસે તોડફોડ

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૩, નોંધ નં.૩૨૩૧, રાવલીયાનો ટેકરો, સલાબતપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના ગેરકાયદેસર બાંધકામ કરતા તા.૧૮-૪-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે ૦૩ દુકાનોના શટર દૂર કરવામાં આવેલ છે.

ઉપરાંત વોર્ડ નં.૦૩, નોંધ નં.૨૪૮૮, ૨૪૮૯, તાડવાડી મસ્જિદ પાસે, સલાબતપુરાવાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજૂરી લીધા વિના ગેરકાયદેસર બાંધકામ કરતા તા.૧૮-૪-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગર પાલિકાનાં સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ છે.



અડાજણ ગુજરાત ગેસ સર્કલ પાસેના સરદાર કોમ્પેલક્ષ ખાતે આવેલા બજરંગબલી મંદિરે હનુમાન જન્મ જયંતી પ્રસંગે જય બજરંગબલી સેવા મંડળ દ્વારા હનુમાન જંયતીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

કોંગ્રેસનો ભસ્મીભૂત થવાનો સમય આવી ગયો છે: મનોજ જોશી

સુરત

સુરત યુવા સંમેલનને સંબોધતા મનોજ જોશીએ કહ્યું હતું કે, કોંગ્રેસનો ભસ્મીભૂત થવાનો સમય આવી ગયોછે. યજ્ઞોપવિત વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, યજ્ઞોપવિત દરેક વ્યક્તિ પહેરી શકેછે. પરંતુ એ બાબલાને ખબર નથી કે જનોઈ અંદર પહેરાય પણ તેણે બહાર પહેરી હતી. આમ એનેએમ થયુંકેબધાને ખુશ કરું. કોંગ્રેસને ભેળસેળ વાળી ઠગબંધન અને મજબૂર સરકાર ગણાવી હતી.

તેમણે સરદાર પટેલ અંગે વાત કરતા કહ્યું હતુંકે, સરદારની પ્રતિમાને ભુસી નાખવાનું કામ કોંગ્રેસે કર્યુંછે. આ ઉપરાંત મનોજ જોશીએ કોંગ્રેસને સરાફની પેઢી સાથે સરખાવ્યું હતું. આ ઉપરાંત



ગુજરાતમાં માધવસિંહ સોલંકીની નીતિને અંગ્રેજ અને ઔરંગજેબની નીતિ સાથે સરખાવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે લોકોને ભાજપ એટલેકે મજબૂત સરકાર જોઈએ છે. હંમેશા ગરીબોને ગાજર બતાવ્યા છે તેવા પણ આક્ષેપ કર્યા હતા. વર્ષ ૧૯૭૦થી અત્યારસુધી ગરીબી નથી હટી ત્યારે આટલા વર્ષ સુધી શું કર્યું તે પણ તેમણે સવાલ ઉઠાવ્યો હતો. કોંગ્રેસની દુકાનો ચાલતી નથી એટલે ભેળસેળિયા ભેગા કરી ઠગબંધન કરી રોડા નાખવાનું કામ કરતી હોવાનું મનોજ જોષીએ જણાવ્યું હતું. રાહુલ ગાંધીના દાદી બાપુજી બધા એકજ નારો આપતા હતા ગરીબી હટાવો અને હજુ પણ એ જ નારો ચાલી રહ્યો છે

વિદેશી દારૂની ૩૬ બોટલ સાથે મહિલાની ધરપકડ

સુરત

અઠવા પોલીસે બારાહજારી મહોલ્લામાંથી બ્રાન્ડેડ દારૂની ૩૬ બોટલ સાથે મહિલા બુટલેગરની ધરપકડ કરી હતી.

અઠવા પોલીસે બાતમીના આધારે નાનપુરા બારાહજારી મહોલ્લો ઘર નં. ૧/૨૨૦૭માં દરોડા પાડયા હતા. આરોપી અમૃતાબેન હર્ષદભાઈ કહારની ૩૬ બોટલ (કિંમત રૂા. ૨૫,૨૦૦) સાથે ધરપકડ કરી હતી. આ કેસમાં અઠવા પોલીસે આરોપી લાલુ દમણવાળાને વોન્ટેડ જાહેર કર્યો હતો. અઠવા પોલીસે પ્રોહીબિશન એકટ કલમ ૬૫ (ઈ) ૯૮ (૨) ૮૧ મુજબનો ગુનો દાખલ કર્યો હતો. તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

કોંગ્રેસ અધ્યક્ષે બારડોલીમાં મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા

તમે (મોદી) ઉદ્યોગપતિના ચોકીદાર તો હું ખેડૂતોનો ચોકીદાર છું: રાહુલ ગાંધી

ગરીબો કે ખેડૂતોના ઘરે નહીં ચોકીદાર હવે તો અંબાણીના ઘરે જોવા મળે છે,કોંગ્રેસ ગરીબોને ૭૨ હજાર આપી ખરા અર્થમાં મદદ કરશે





લોકસભા ચૂંટણી પ્રચાર અર્થે સુરત એરપોર્ટથી સીધા જ તાપી જિલ્લાના વાલોડ તાલુકાના તિતવા મુકામે આયોજિત વિશાળ જનસભાને સંબોધવા ઉપસ્થિત થયેલા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધીનું મંચ પર સ્વાગત કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા માજી મેયર કદીર પીરઝાદા વગેરે તસવીરમાં જણાઈ છે. જ્યારે બપોરના સમયે ધોમધોમતા તાપમાં પણ રાહુલ ગાંધીની ચૂંટણીસભામાં વિશાળ જનમેદની અન્ય તસવીરમાં નજરે પડે છે.

સુરત

લોકસભા ચૂંટણીના મતદાન આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ બારડોલીમાં મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં. રાહુલ ગાંધીએ મોદીને આડેહાથ લેતા કહ્યું હતું કે, ચોકીદાર ચોર તો છે જ પણ હવે અંબાણીના ઘરે જોવા મળે છે. ગરીબોના કે ખેડૂતોના ઘરે ક્યારે દેખાતા નથી. રાહુલે કહ્યું તમે ઉદ્યોગપતિના ચોકીદાર છો હું ખેડૂતોનો ચોકીદાર છું. મોદીની યોજનાઓ અને વાયદાઓ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, મોટા મોટા વાયદાઓ આપી દીધા જેમાંથી કશું જ મળ્યો નથી.

રાહુલ ગાંધીએ કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં એક રૂપિયો પણ આવ્યો નથી. અગાઉ ૧૫ લાખ રૂપિયા લોકોના ખાતામાં આપવાની વાતો કરી હતી. નોટબંધી કરીને બાદમાં ગબ્બરસિંહ ટેક્સ લગાવી દેનારા મોદીએ ગરીબો, નાના વેપારીઓ અને ખેડૂતો સાથે અન્યાય કર્યો છે. અમારી સરકાર બનશે એટલે અમે આપેલા એક એક વાયદાઓ પુરા કરીશું. અને લોકોના ખાતામાં સીધા જ ૭૨ હજાર જમા કરાવીને ગરીબોને સાચા અર્થમાં મદદ કરીશું.

તેમણે ૨૫ કરોડ લોકોને વર્ષના ૭૨ હજાર રૂપિયા આપવા પાછળનો તર્ક સમજાવતા જણાવ્યુ હતું કે કોંગ્રેસ સરકાર આવશે નરેન્દ્ર મોદીએ અનિલ અંબાણીને જે ૪૫ હજાર કરોડ આપ્યા છે તેના ૩૦ ટકા ભારતના ગરીબ લોકોના બેક્ક એકાઉન્ટમાં સીધા નાંખી દઈશું. દર મહિને બેક્કમાં જમા થઈ જશે. આ જ કોંગ્રેસનો ગરીબી પરનો સર્જીકલ સ્ટ્રાઈક. નરેન્દ્ર મોદીએ ગરીબો, બેરોજગારો, ખેડૂતો, પર સર્જીકલ સ્ટ્રાઇક કરી અમે ગરીબી પર સર્જીકલ સ્ટ્રાઈક કરીશું. આ પૈસા મહિલાના બેક્ક ખાતામાં જમા થશે. જેનાથી ખરીદ શક્તિ વધશે અને હિંદુસ્તાનની અર્થ વ્યવસ્થા મજબૂત બનશે. અમે આ ૭૨ હજાર રૂપિયાથી હિંદુસ્તાનના અર્થતંત્રમાં ઈંધણ પુરવાનું કામ કરીશું.

છતિસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ કોંગ્રેસના મુખ્યમંત્રીઓએ ગણતરીના સમયમાં ખેડૂતોના દેવા માફ કરી દીધાં હતાં. ચૂંટણીમાં અમે વચન આપ્યું હતું. અને તાત્કાલિક તે પુર્ણ કર્યું. પરંતુ ભાજપ સરકાર એક પણ વચન નિભાવતી નથી. ઉપરથી ગરીબોના રૂપિયા અમિરોની તિજોરીમાં કેમ જાય તે જુએ છે. રાફેલમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો. ભ્રષ્ટાચારીઓ દેશ બહાર જતાં રહ્યાં પરંતુ મોદી સરકાર તો ગરીબ અને ઈમાનદારોને ડરાવી રહી છે.

રાજપીપળા કોલેજમાં ગેરરીતિ મામલે તપાસમાં આવેલી યુનિ.ની ટીમ સીસી ટીવી ફૂટેજ સહિતના પુરાવા સાથે લઈ ગઈ..?

પરીક્ષા સમયે હાજર સ્ટાફની અલગ અલગ પૂછપરછ કરવામાં આવી હોવાની વાત પણ સુત્રો દ્વારા જાણવા મળી છતાં જવાબદાર કોણ એ રહસ્ય અકબંધ

જોકે આ ગેરરીતિ બાબતે અનેક પાસા તપાસતા અલગ અલગ કારણોમાં સ્ટાફના કોઈ ચોક્કસ વ્યક્તિને ફસાવવા કે પોતાનો રોટલો શેકવા સહિતના અલગ અલગ પાસા સામે આવ્યા

૫૦ નંબરના બ્લોકમાંથી જ આન્સર સીટ, બારકોડ સ્ટીકર સાથે બહાર આવી હોવાની તપાસ ટીમને માહિતી મળી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું પરંતુ તેમાં કોણ સંડોવાયેલું છે એ તપાસ પુરી થયા બાદ જ બહાર આવશે

અમુક વિદ્યાર્થીઓનો એક જ સુર : તપાસમાં આવેલી ટીમે અમારા જવાબ કેમ ન લીધા ફક્ત કોલેજ સ્ટાફના બંધ બારણે જવાબો લઈ એક તરફી વલણ કેમ અપનાવ્યું ...? અમે અમુક વિદ્યાર્થીઓએ યુનિવર્સીટીમાં ફરિયાદ કરી હતી છતાં અમારા જવાબો ન લઈ અમુક નાના કર્મચારી પાસે ખોટા જવાબો લખાવ્યા હોવાના આક્ષેપ જો સાચો હોય તો તટસ્થ તપાસ કોણ કરશે...?

રાજપીપળા : નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા કોલેજ માં ટીવાયબીએસસી ચાલુ પરીક્ષા દરમિયાન ગેરરીતિ થતી હોવાનો મામલો બહાર આવતા ભારે હંગામો થયો ત્યારબાદ આ બાબતે કલેક્ટર, પોલીસ વડાને રજુઆત થઈ અને આ મામલો છેક સુરત યુનિવર્સીટી સુધી પોંહચતા ગુરુવારે યુનિવર્સીટીની ટિમ રાજપીપળા કોલેજમાં આવી કલાકો સુધી તપાસ કરી પરંતુ તપાસમાં પરીક્ષા સમયે હાજર તમામ કોલેજ જવાદાર સ્ટાફના જવાબો લેવાયા બાદ ચાલુ પરીષાએ બહાર ફરતી આન્સર સીટ અને બારકોડ સ્ટીકરના નંબર પરથી ટીમને એ જાણવા મળ્યું કે આ વસ્તુ એક ચોક્કસ બ્લોક માંથી બહાર ગઈ હશે જેથી આ બ્લોકના સીસીટીવી ફૂટેજ સહીત તામ પાસા આ ટીમે તપાા પરંતુ સ્ટાફના અલગ અલગ જવાબો અને ફૂટેજ જોયા બાદ ટિમ તમામ જરૂરી પુરાવા સાથે લઈ ગઈ હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે જેમાં કેટલાક સ્ટાફના જવાબ મુજબ સ્ટાફના કોઈ ચોક્કસ વ્યક્તિને ફસાવવા કે હટાવવા અથવા અમુક વિદ્યાર્થીઓ દ્વારા પોતાનો રોટલો શેકવા કોઈ એ ષડયંત્ર કર્યું હોવાની પણ વિગતો ટિમ પાસે જતા તપાસ માં આવેલા ટીમના સભ્યો ખુદ વિચાર માં પડી ગયા હતા માટે હાલ તો જરૂરી પુરાવા અને જવાબો સાથે લઈ ગયેલી ટિમ હવે શું નિર્ણય લે છે એ તરફ સૌની મીટ મંડાયેલી છે . પરંતુ આ બાબતમાં જે પણ કારસ્તાન થયું હોય એ પણ ચાલુ પરીક્ષામાં આન્સર સીટ બારકોડ સ્ટીકર સાથે ક્યાંથી અને કેવી રીતે બહાર ગઈ એ એક સળગતો સવાલ છે ત્યારે એ માટે કોણ જવાબદાર છે અને કોની કોની સંડોવણી હશે એ પ્રશ્ન હાલ સૌના મનમાં ચાલી રહ્યો છે ત્યારે આટલી સીક્યુરીટી અને કેમેરા વચ્ચે આ વસ્તુ બહાર ક્યાંથી ગઈ એ હાલ શંકાસ્પદ બાબત લાગી રહી છે પરંતુ એમાં કોઈ અંદરનું વ્યક્તિ સામેલ હોય શકે એવી પણ સંભાવના નકારી ન શકાય.

હાર્દિક પર થયેલ હુમલો સહેજ પણ યોગ્ય નથી: નીતિન પટેલ



ગાંધીનગર

હાર્દિકના લાફાકાંડ મામલે ગુજરાતના ડેપ્યુટી સીએમ નીતિન પટેલે કહ્યું કે, રાજકારણમાં પોતાના વિચારો રજૂ કરવાનો દરેકને અધિકાર છે. કોઈ પણ વ્યક્તિ હોય પછી તે નાનો કાર્યકર જ કેમ ના હોય, રાજકારણની સભાઓમાં પોતાનો મત રજૂ કરવો એ દરેકનો અધિકાર છે. આ સાથે જ તેમણે હાર્દિક પર થયેલા હુમલાને વખોડતા કહ્યું કે, હાર્દિક પર જે હુમલો થયો તે સહેજ પણ યોગ્ય નથી. વધુમાં તેમણે કહ્યું કે, લોકશાહીમાં કોઈ પણનો વિરોધ કરવો હોય તો આ પ્રકારે વિરોધ કરવો ખોટો છે. લોકશાહીમાં વિરોધમાં ન્યાયિક કેટલીક રીતો ઉપલબ્ધ છે. ન્યાયિક રીતે જેનો પણ વિરોધ કરવો હોય તે કરી શકાય છે. કોઈના ઉપર વ્યક્તિગત હુમલો કરવો કે સભા વિખેરી નાખવી એ યોગ્ય નથી.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement)
અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847